અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 47, Dt.08-12-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

પરિસ્થિતિઓ થી માણસ જેટલું તૂટે છે, એનાથી કેટલાય ગણુ વધારે પરિસ્થિતિઓ માણસને અંદરથી મજબૂત બનાવી દે છે.

રાજકોટમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

કાંચને નુકસાન સિવાય કોઈ મોટી હાનિના અહેવાલ નથી, રેલવે દ્વારા તપાસ શરૂ : ઘટના વખતે રાજ્યના ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા

રાજકોટ,તા.૮

ગત રાત્રીના રાજકોટ નજીક પસાર થતી વંદે ભારત ટ્રેન ઉપર પથ્થર ફેંકવામાં આવ્યો હતો. આ ટ્રેનમાં ગૃહમંત્રી હર્ષ સંઘવી પ્રવાસમાં હોય તેવા સમયે ટ્રેન ઉપર પથ્થર ફેંકવાની ઘટના સામે આવતા રેલવે પોલીસ અને અધિકારીઓએ તપાસ હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રે વંદે ભારત ટ્રેન અમદાવાદથી નિર્ધારીત સમયે ઉપડી હતી જેમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી રાજકોટ આવી રહ્યા હતા આ ટ્રેન રાત્રે ૯ કલાક આસપાસ જુના લાખાજીરાજ સ્ટેશન પર પસાર થતી હતી ત્યારે એક પથ્થર કોચની બારી ઉપર ફેંકાતા કાચમાં તિરાડ પડી હતી. ચાલુ ટ્રેનમાં પથ્થર ફેંકાયો હોવાની પેસેન્જરે રેલવે તંત્રને જાણ કરતા તપાસ થતા સી-૪ કોચની એક બારીમાં તિરાડ જોવા મળી હતી. આ અંગે રેલવે પોલીસ અને અધિકારીઓએ તાબડતોબ તપાસ કરતા પ્રાથમીક તપાસમાં ઝુંપડપટીના કોઈ બાળકે રમત રમતમાં ટ્રેન પર પથ્થર ફેંકી ટ્રેનના કાચને નુકશાન પહોંચાડયાનું ખુલ્યું હતું કોઈ મોટુ ષણયંત્ર કે ગૃહ મંત્રી હુમલો કરવાની કોઈ ગંભીર બાબત ફલીત થઈ ન હતી. જેથી અધિકારીઓ અને પોલીસે હાશકારો અનુભવ્યો હતો.

ગૃહમંત્રી સાથે પસાર થતી વંદે ભારત ટ્રેન ઉપર પથ્થર ફેંકયાની ઘટનાને પગલે ખળભળાટ મચી ગયો હતો. આ

બનાવમાં કોઈ મુસાફરોને ઈજા થવા પામી ન હતી માત્ર કોચની બારીના કાચમાં તિરાડ પડી હતી.

ગઈકાલે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી અમદાવાદથી રાજકોટ વંદેભારત ટ્રેનમાં મુસાફરી કરી રાજકોટ પહોંચ્યા હતા. ત્યારે વાંકાનેરથી રાજકોટ વચ્ચે ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે લાખાજીરાજ સ્ટેશન નજીક ટ્રેન પર પથ્થર ફેંકાયાનો બનાવ સામે આવ્યો હતો જે મામલે રેલ્વે તંત્ર અને પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસના સુત્રોએ જણાવ્યું હતું કે, વંદેભારત ટ્રેનની બાજુમાંથી પસાર થતી ટ્રેનના કારણે ટ્રેક પરથી પથ્થર ઉડીને આવ્યો હોય તેવું પ્રાથમીક તારણ બહાર આવ્યું હતું. હાલ પોલીસે ટ્રેન પર પથ્થર ફેંકયો છે કે ટ્રેક પરથી છટકીને આવ્યો છે? તે અંગે વધુ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

રાજકોટમાં જુના લાખાજીરાજ રેલવે સ્ટેશન નજીક રાત્રે બનાવઃ મુસાફરે જાણ કર્યા બાદ ચકાસણી થતા કાચમાં નુકશાન માલુમ પડયું

રાજસ્થાનમાં રાજનાથસિંહ સહિત ૩ નિરીક્ષકોની નિમણૂક

જયપુર.તા.૮

રાજસ્થાનમાં સીએમના નામની જાહેરાતની અટકળો વચ્ચે દિલ્હીમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. ભાજપે રાજસ્થાન માટે રક્ષામંત્રી રાજનાથસિંહ, સરોજ પાંડે અને વિનોદ તાવડેને નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. આ નિરીક્ષકો રાજસ્થાનના ધારાસભ્યો પાસેથી અભિપ્રાય મેળવી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે ૧૦ ડિસેમ્બરે ધારાસભ્ય દળની બેઠક મળી શકે છે. આ પહેલા પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે લગભગ ૮ વાગે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના ઘરે પહોંચ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે દોઢ કલાક સુધી ચર્ચા ચાલી હતી. પ્રદેશ અધ્યક્ષ સીપી જોશી પણ આજે દિલ્હી પહોંચી ગયા છે. અહીં નડ્ડાને મળ્યા બાદ રાજે ગૃહમંત્રી અમિત શાહને પણ મળ્યા હતા.બીજી તરફ બીજેપી ધારાસભ્ય કંવરલાલ મીણાએ લલિત મીણાના પિતા હેમરાજ મીણાના બીજેપી સાંસદ દુષ્યંતસિંહના ઈશારે ફેન્સિંગ કરવાના આરોપને ખોટો ગણાવ્યો છે. કંવરલાલ મીણાએ કહ્યું- કિશનગંજના ધારાસભ્ય લલિત મીણાના પિતા હેમરાજ મીણાએ લગાવેલા આરોપો સંપૂર્ણપણે ખોટા છે. અમે બધા ઝાલાવાડ-બારણ લોકસભા મતવિસ્તારના ધારાસભ્ય છીએ. જીત્યા બાદ ધારાસભ્ય લલિત મીણા તેમની સાથે બરાનમાં આરએસએસ અને બીજેપી ઓફિસ ગયા હતા. અમે બધા સવારે ૬ વાગ્યે પોતપોતાના ઘરેથી જયપુર આવ્યા. પરસ્પર સંમતિથી એક હોટલમાં રોકાયા. ફેન્સિંગ જેવું કંઈક કહેવું ખોટું છે.

જેપી નડ્ડાનું દિલ્હીમાં ઘર, જ્યાં પૂર્વ સીએમ વસુંધરા રાજે અને તેમના પુત્ર દુષ્યંતસિંહ ગુરૂવારે રાત્રે મળવા આવ્યા હતા. પૂર્વ સીએમ વસુંધરા રાજે લગભગ ૮.૦૭ વાગે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને મળવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમના પુત્ર અને સાંસદ દુષ્યંતસિંહ પણ હાજર હતા. અહીં ગુરૂવારે દિવસભર આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર ચાલુ રહ્યો હતો. આ મામલે પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીએ કહ્યું મને હોટલ વગેરે વિશે ખબર નથી, પરંતુ એ વાત સાચી છે કે હું મંગળવારે સાંજે લલિત મીનાના પિતાને મળ્યો હતો. હું છેલ્લા ૨૪ કલાકમાં ૩૨થી વધુ ધારાસભ્યોને મળ્યો છું.

સતત ૫મી વખત વ્યાજ દરમાં કોઈ ફેરફાર નહીં, રેપો રેટ ૬.૫% યથાવત

મુંબઈ.તા.૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (**RBI**) એ સતત પાંચમી વખત વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ વ્યાજ દર ૬.૫% પર યથાવત રાખ્યા હતા. એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારો **EMI** પણ વધશે નહીં. **RBI**એ છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટ વધારીને ૬.૫% કર્યો હતો.

RBI ગવર્નર શક્તિકાંત દાસે આજે એટલે કે શુક્રવારે ૬ ડિસેમ્બરથી ચાલી રહેલી મોનેટરી પોલિસી કમિટી (**MPC**)ની બેઠકમાં લેવાયેલા પાક વિશે માહિતી આપી હતી. આ બેઠક દર બે મહિને થાય છે. આ નાણાકીય વર્ષની પ્રથમ બેઠક એપ્રિલમાં મળી હતી. જ્યારે ગત નાણાકીય વર્ષમાં રેપો રેટમાં ૬ ગણો ૨.૫૦%નો વધારો કરવામાં આવ્યો હતો.

RBIની **MPC**માં છ સભ્યો હોય છે. તેમાં બાહ્ય

અને આરબીઆઈ બંને અધિકારીઓનો સમાવેશ થાય છે. ગવર્નર દાસ સાથે આરબીઆઈના અધિકારીઓ રાજીવ રંજન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે અને માઈકલ દેબબ્રત પાત્રા ડેપ્યુટી ગવર્નર તરીકે સેવા આપે છે. જ્યારે શશાંક ભીડે, આશિમા ગોયલ અને જયંત આર વર્મા બાહ્ય સભ્યો છે.**MPC**ની પ્રાથમિક જવાબદારી વ્યાજ દરો નક્કી કરવાની છે. વૃદ્ધિના ઉદ્દેશ્યો પૂરા થાય અને ફુગાવો પણ નિયંત્રણમાં રહે તેના આધારે વ્યાજ દર નક્કી કરવામાં આવે છે. **RBI**નો ફુગાવાનો લક્ષ્યાંક તેને ૨-૬%ની વચ્ચે રાખવાનો છે.

RBI પાસે રેપો રેટના રૂપમાં ફુગાવા સામે લડવા માટે એક શક્તિશાળી ટૂલ છે. જ્યારે ફુગાવો ઘણો વધુ હોય છે, ત્યારે **RBI** રેપો રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે. જો રેપો રેટ ઊંચો રહેશે તો બેંકોને **RBI** પાસેથી જે લોન મળશે તે મોંઘી થશે. બદલામાં, બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી બનાવે છે. આ અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડે છે. જો નાણાંનો પ્રવાહ ઘટે તો માંગ ઘટે અને ફુગાવો ઘટે.

એ જ રીતે, જ્યારે અર્થવ્યવસ્થા ખરાબ તબક્કામાંથી પસાર થાય છે, ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર છે. આવી સ્થિતિમાં **RBI** રેપો રેટમાં ઘટાડો કરે છે. આના કારણે બેંકો માટે **RBI** તરફથી લોન સસ્તી થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે. ચાલો આ ઉદાહરણથી સમજીએ. જ્યારે કોરોનાના સમયગાળા દરમિયાન આર્થિક પ્રવૃત્તિઓ અટકી ગઈ, ત્યારે માંગમાં ઘટાડો થયો. આવી સ્થિતિમાં **RBI**એ વ્યાજદરમાં ઘટાડો કરીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ વધાર્યો હતો.

RBI ગવર્નર ફુગાવાના અંદાજો અને **GDP** અંદાજો પણ જાહેર કર્યો. **FY**૨૪ માટે ફુગાવાનો અંદાજ ૫.૪% પર જાળવી રાખવામાં આવ્યો છે. છેલ્લી મિટિંગમાં તે ૫.૧% થી વધારીને ૫.૪% કરવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે સપ્ટેમ્બરમાં ફુગાવો ઘટવાની આશા છે.

નિફ્ટી ૨૧૦૦૦ ને પારઃ શેરબજારમાં નવો ઈતિહાસ

રિઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતા કુલગુલાબી તેજીનો પડઘોઃસેન્સેકસ ૩૦૭ પોઈન્ટ ઉંચકાયોઃ એસએમઈ કંપની નેટ એવન્યુનુ બમ્પર લીસ્ટીંગ

રાજકોટ,તા.૮

શેરબજારમાં તેજીનો નવો દોર શરૂ થયો હોય તેમ ઓલરાઉન્ડ લેવાલી વચ્ચે સેન્સેકસ નિફ્ટીએ આજે વધુ એક વખત નવી ઉંચાઈ સર્જી હતી. નીફ્ટી ઈતિહાસમાં પ્રથમ વખત ૨૧૦૦૦ ને પાર થઈ ગયો હતો. રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતા સારી અસર થઈ હતી.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને જ થઈ હતી. રીઝર્વ બેન્કની ધીરાણ નીતીની સમીક્ષા પર નજર હતી. રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખતા સારી અસર હતી. મોંઘવારીનું ખાસ જોખમ ન હોવાનું મનાતું હતું. અર્થતંત્ર તથા વિકાસદર વિશે ફુલગુલાબી ચિત્ર યથાવત હોવાને કારણે માનસ પ્રોત્સાહક બની રહ્યું હતું. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે રાજકીય, આર્થિક સહીતનાં પરિબળો સાનુકુળ હોવાના કારણોસર માર્કેટ વચ્ચે તેજીમાં છે કોઈ ગંભીર નેગેટીવ કારણ વિના કોઈ વિપરીત અસર થાય તેમ નથી.

શેરબજારમાં આજે પસંદગીના ધોરણે ધુમ ઓલરાઉન્ડ લેવાલી વચ્ચે મોટાભાગનાં શેરો ઉંચકાયા હતા. જેએસડબલ્યુ સ્ટીલ, એચસીએલ ટેકનો, ટાટા પાવર, નેસલે, લાર્સન, ટાટા અદાણી ટોટલ ગેસ, પાવર ટાઈટન, વીપ્રો, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ વગેરે ઉછળ્યા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૦૭ પોઈન્ટના ઉછાળાથી ૬૯૮૨૮ રહ્યો હતો તે ઉંચામાં ૬૯૮૮૮ તથા નીચામાં ૬૯૬૦૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નીફ્ટી ૨૧૦૦૦ ના સ્તરે ફુદાવીને ઐતિહાસીક સપાટીએ પહોંચ્યો હતો.

૯૨ પોઈન્ટના ઉછાળાથી ૨૦૯૯૩ રહ્યો હતો જે ઉંચામાં ૨૧૦૦૦ તથા નીચામાં ૨૦૯૩૨ હતો. સેકન્ડરી માર્કેટની જેમ પ્રાયમરી માર્કેટ પણ ધમધોકાર હોય તેમ એસએમઈ કંપની નેટ એવન્યુનુ લીસ્ટીંગ થયુ હતું. ૧.૪૪ લાખના રોકાણ સામે ઈન્વેસ્ટરોને ૧.૯૦ લાખનો ડબલ કરતા પણ વધુ નફો થયો હતો.

દેશની વિવિધ હાઈકોર્ટમાં ૩૨૪ જજોની જગ્યા ખાલીઃ તુર્તમાં ૧૧૨ ની નિમણુંક થશે

૧૨૧ નવી દરખાસ્તમાંથી ૮૭ નામ કોલેજીયમને મોકલાયાઃ કાયદામંત્રી

નવી દિલ્હી.તા.૮

દેશભરની હાઈકોર્ટમાં જજોનાં હોદા માટે ૩૨૦ થી વધુ જગ્યા ખાલી છે.અત્યારે ૧,૧૧૪ ની મંજુર કરાયેલી સંખ્યા સામે માત્ર ૭૯૦ જજ કાર્યરત હોવાનું કેન્દ્રીય કાયદામંત્રી અર્જુનરામ મેઘવાલે રાજયસભાને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વર્તમાન મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર મુજબ ચીફ જસ્ટીસ અને હાઈકોર્ટસનાં જજોની ટ્રાન્સફર જનતાના હિતમા કરાવી હતી કે એકમાંથી બીજી હાઈકોર્ટમાં જજોની ટ્રાન્સફર માટે એમઓપીમાં કોઈ સમય મર્યાદા દર્શાવાઈ નથી. મેઘવાલે કોલેજીયમ દ્વારા ભલામણ કરાયેલા જજોના નામ અંગે સરકારની મંજુરી બાબતે પણ માહીતી આપી હતી તેમણે કહ્યું હતું કે સરકાર ટુંક સમયમાં હાઈકોર્ટનાં ૧૧૨ જજની નિમણુંકને મંજુરી આપવાની તૈયારીમાં હોવાની માહીતી કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલે આપી છે.તેમણે ગુરૂવારે રાજયસભાને જણાવ્યું હતું કે જજોની નિમણુંક માટે વિવિધ બંધારણીય ઓથોરીટીની મંજુરી જરૂરી છે. ચાલુ વર્ષનાં જાન્યુઆરી મહિના સુધીમાં હાઈકોર્ટ કોલેજીયમ્સ દ્વારા મળેલી ૧૭૧ દરખાસ્ત પ્રક્રિયાના જુદા જુદા તબકકામાં છે. કુલ ૨૯૨ દરખાસ્તમાંથી ૧૧૦ જજની નિમણુંક થઈ ચુકી છે. જયારે સુપ્રિમ કોર્ટની સલાહના આધારે ૬૦ જજના નામની ભલામણની માહીતી હાઈકોર્ટને આપવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ચાલુ વર્ષે નવી ૧૨૧ દરખાસ્ત મળી છે.

આયકર ખાતુ હવે કરદાતાની ગાડી અને બેંક લોકર પર પણ બાજ નજર રાખશે

માત્ર જમીન અને મકાન પર જ ધ્યાન આપવાને બદલે અધિકારીઓએ ફોકસ લંબાવ્યું

નવી દિલ્હી,તા.૮ :

આવકવેરા વિભાગ બેનામી એકટ હેઠળની કાર્યવાહી દરમિયાન અત્યાર સુધી કરદાતાની જમીન-મકાન જેવી મિલકતોની માલિકી પર ખાસ ધ્યાન આપતો હતો. પરંતુ હવે વિભાગ કરદાતાની ગાડીઓ અને બેંકલોકર જેવી ચલ સંપત્તિ પર પણ વોચ રાખે છે, અને સર્ચ જેવી કાર્યવાહીમાં કરદાતા પાસે તમામ માહિતી મેળવી તેનુ ક્રોસ વેરિફિકેશન પણ શરૂ કરી દીધુ છે.

સુત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ આવકવેરા ચુકવવો ન પડે તે માટે કેટલાક લોકો જમીન, મકાન, ગાડી સહિતની મિલકતો પોતાના દૂરના સગા સંબંધીઓ કે અન્ય લોકોના નામે ખરીદી કરે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી આવકવેરા વિભાગે બેનામી એકટ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે અને જો શંકા જાય તો સંપતિના મુળ માલિક સુધી પહોંચી જાય છે. સુરત આવકવેરા વિભાગે પણ થોડા દિવસો પૂર્વ કેટલાક કેસોમાં બેનામી એકટ હેઠળ કાર્યવાહી કરી હતી. જેમાં મીત કાછડિયાના ૨૦૪ કરોડ રૂપિયાના હીરા જમ-મકાન જેવી મિલકતો પર વિશેષ ધ્યાન આપવામાં આવતુ હતું. પરંતુ હવે આવકવેરા વિભાગે સર્ચની કાર્યવાહી દરમિયાન કરદાતાની ગાડીની માલિકી કોની છે અને જેના નામ પર ખરીદવામાં આવી છે તે આવકવેરાના રિટર્નમાં કેટલી આવક બતાવે છે. તે સહિતની તમામ બાબતોની તપાસ કરવામાં આવે છે., થોડા દિવસો પહેલા જ એક કેસમાં કરદાતાએ તેને ત્યાં નોકરી કરનારાના નામે ગાડી ખરીદી હતી. આ બાબત સાબિત થઈ જતા વિભાગે તેની સામે બેનામી એકટ હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી. આ રીતે જ અન્યના નામે બેંક લોકર ખોલાવી તેમાં કરોડોની જ્વેલરી અને રોકડ મુકનારા સામે પણ બેનામી એકટ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આવકવેરાનાં ૮ અધિકારીઓને હાઈકોર્ટની નોટીસઃ ઉધડો લીધો

જાહેરમાં માફી માંગો અથવા પરિણામ ભોગવવા તૈયાર રહોઃ વકીલ સામે અત્યાચાર જેવી કાર્યવાહી સામે આકરૂ વલણ

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન વકીલની ઓફીસમાં ત્રાટકીને દસ્તાવેજો જપ્ત કરવા તથા બળજબરીપૂર્વક વકીલને સાથે લઈ જવાની કાર્યવાહી સામે ગુજરાત હાઈકોર્ટે આવકવેરા અધિકારીઓનો ઉધડો લીધો હતો અને આઠ અધિકારીઓને નોટીસ પાઠવી છે.

આવકવેરાના ઈન્વેસ્ટીગેશન વિંગના ડાયરેકટર જનરલ અરવિંતસિંઘ સરનેમ સહીત આઠ અધિકારીઓને નોટીસ આપવામાં આવી છે. આવકવેરા કાયદા હેઠળ અધિકારોનો અત્યાચારી ઉપયોગ કરવા બદલ કૃત્ય આચરનારા અધિકારીઓ સામે પગલા કેમ ન લેવા તેવુ શોકોઝ નોટીસ દર્શાવ્યુ છે. અમદાવાદમાં દરોડા કાર્યવાહી દરમ્યાન આવકવેરા અધિકારીઓએ દસ્તાવેજ કબ્જે લેવા માટે એડવોકેટ મૌલીક શેઠની ઓફીસમાં દરોડો પાડયો હતો. વકીલને બળજબરીપૂર્વક લઈ જવાયા હતા. આ મામલે તેઓએ હાઈકોર્ટમાં પીટીશન કરી હતી તેની સુનાવણીમાં જસ્ટીસ ભાર્ગવ કારીયા તથા જસ્ટીસ નિરલ મહેતાની બેંચે આવકવેરા વિભાગના વકીલને પણ એમ કહ્યું કે, કાલે ખુદ તેઓ પણ સુરક્ષીત નહીં રહી શકે?.

આવકવેરા અધિકારીઓ શું પોલીસ અધિકારી છે? વકીલને લાગતુ વળગતુ ન હોય તેવા દસ્તાવેજો તેની પાસેથી કેવી રીતે કબ્જે કરી શકે? વકીલ પાસે કલાયન્ટના ખાનગી દસ્તાવેજો હોય છે.તેને અડકી પણ કેમ શકે?

સતત ધ્રૂજતી કચ્છની ધરા

ભચાઉના કંથકોટ નજીક કેન્દ્રબિંદુ ધરાવતા ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી વાગડ વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો, લોકો ઘરની બહાર દોડી આવ્યાં

કચ્છ (ભુજ).તા.૮

કચ્છમાં ભૂકંપના આંચકાઓનો સિલસિલો સતત યથાવત રહ્યો છે. આજે સવારે ૯ કલાકે ભચાઉ તાલુકાના કંથકોટ નજીક ૪.૨ની તીવ્રતાનો વધુ એક ધરતીકંપનો આંચકો આવતા વાગડ વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. રાપરથી ૧૯ કિલોમીટર દૂર કેન્દ્ર બિંદુ ધરાવતા ભૂકંપના આંચકાની અસરથી લોકો ઘર બહાર દોડી આવ્યાં હતા. ખાસ કરીને કંથકોટ અને આસપાસના ગામના લોકો ૨૦૦૧ના મહા ભૂકંપને યાદ કરી રહ્યા હતા. આજે આવેલા આંચકાથી કોઈ સ્થળે નુકસાની પહોંચી હોય એવું હજુ સુધી સામે આવ્યું નથી પરંતુ ધરતીકંપના કારણે ફરી એક વખત કચ્છના લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ભૂકંપ ઝોન પાંચમા આવતા કચ્છ જિલ્લામાં સતત ભૂગર્ભિય સળવળાટના કારણે ધરતીકંપના આચકાઓ નોંધાતા રહે છે. જેને લઈ કચ્છની અશાંત ધરતી લોકોના મનમાં પણ સમયાંતરે અશાંતિ ફેલાવી જાય છે. આજે સવારે ૯ કલાકે ભચાઉ તાલુકાના કંથકોટ ગામ નજીકના ડુંગરાણ વિસ્તારમાં ૪.૨ની તીવ્રતાના આંચકાથી વાગડ ફોલ્ટ લાઇન સક્રિય હોવાનું ફલિત થયું છે. આચકા વિશે કંથકોટ ગામના અગ્રણી બળુભા જોડેજા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા લાંબા અરસા બાદ ભૂકંપના આંચકાએ ગ્રામજનોને રીતસરના દોડાવી મૂક્યા હતા. ધરા ધ્રુજવાથી ઘર દુકાનમાં રહેલા લોકો સફાળા બની બહાર ખુલ્લામાં દોડી આવ્યા હતા અને ઘરોમાં સ્ટેન્ડમાંથી વાસણો બહાર પડી ગયા હતા. તો એકદા થયેલા લોકો ધરતીકંપની ચિંતા સાથે ચર્ચા કરતા જોવા મળ્યા હતા. એક તબક્કે ૨૦૦૧ના મહા ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, ગત નવેમ્બર માસ દરમિયાન કચ્છમાં ભૂકંપના ત્રણ આંચકાઓ નોંધાયા હતા. જેમાં તારીખ ૨ ના દુધઈ નજીક ૪.૧ની તીવ્રતાથી ધરા ધ્રુજી હતી, જોકે તે આંચકાની લોકોમાં ખાસ અસર વર્તાઈ ન હતી જ્યારે આજે આવેલા આજકાલે ભચાઉ અને રાપર તાલુકામાં ભયનો માહોલ સર્જી દીધો છે.

રાજકોટ બાર એસોશીએસનની ચૂંટણીમાં પ્રમુખ પદની ઉમેદવારી નોંધાવતા એડવોકેટ બકુલ રાજાણી

સિવિલ કોર્ટ બીલ્ડીંગ ખાતે સિનિયર-જુનિયર વકીલો સાથે રહી એડવોકેટ બકુલ રાજાણીએ ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી

તસવીરઃ દિલિપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૮

દર વર્ષની જેમ આ વર્ષે પણ વકીલોમાં રાજકોટ બાર એસોશીએસનની ચૂંટણીનો રંગ લાગ્યો છે. ત્યારે રાજકોટ બાર એસોશીએસનની ચૂંટણીમાં અલગ-અલગ પદો પર ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવવાનો રાફડો ફાટ્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વન બાર વન વોટની યાદી મુજબ મતદાન યાદીમાં નામ સરનેમ વગેરેમાં ભૂલ સુધારવા ગત તા.૩૦ થી ગત.તા.૧ ના રોજ લેખિતમાં આધાર પુરાવા સહિત આપવા ત્યારબાદ આખરી મતદાન યાદી પ્રસીદ્ધ થયા પછી કોઈપણ પ્રકારનો ફેરફાર થઇ શકશે નહીં. ફાઇનલ મતદાન પ્રસીદ્ધ તા.ગત.૨ના રોજ તથા ઉમેદવારી ફોર્મ ભરવાનો ૪ થી આજે સાંજના ૫ વાગ્યા સુધીમાં ફોર્મ ભરવાનો સમય હતો ત્યારે આજે રાજકોટના જાણીતા વકીલ બકુલ રાજાણી એ બાર ના સીનીયર, જુનિયર વકીલોને સાથે રાખી આજ રોજ શુભમૂર્હુત વાજતે ગાજતે, જય ઘોષના, નાદ સાથે પ્રમુખ પદના ઉમેદવાર તરીકે ફોર્મ ભરેલ છે. જુનિયર, સિનિયર, વકીલોએ બકુલ રાજાણીને, જંગી બહુમતી જીતાડવાનો કોલ આપ્યો છે, વકીલ બકુલ રાજાણી પોતે વર્ષ ૨૦૧૯/૨૦૨૦/૨૧મા, જુનિયર, સિનિયર વકીલોને પડતી મુશ્કેલીમાં ઘણો સાથ સહકાર આપ્યો છે. તથા આગામી તા.૧૧ના રોજ ઉમેદવારોના ફોર્મ ચકાસણીની કામગીરી થશે. ઉમેદવારોની પ્રથમ યાદી આગામી તા.૧૧ના સાંજના અરસામાં જાહેર કરવામાં આવશે. ઉમેદવારી ફોર્મ વીથ ડ્રો આગામી તા.૧૨ના ૫ વાગ્યા સુધીમાં થશે. તથા આગામી તા.૨૨ને શુક્રવારના રોજ સિવીલ કોર્ટ બીલ્ડીંગ, પહેલા માળે રાજકોટ બાર એશોસીએશના મેઈન બાર રૂમ, મોચી બજાર ખાતે સવારે ૯ કલાકથી બપોરના ૩ કલાક સુધી ગુજરાત બાર કાઉન્સીલની મતદાન યાદીમાં પ્રસીદ્ધ થયેલા મતદારો મતદાન કરી શકશે. જેમાં પ્રમુખ પદની જગ્યા એક, ઉપપ્રમુખ પદે જગ્યા એક, સેક્રેટરી પદે જગ્યા એક, જોઈન્ટ સેક્રટરી પદે જગ્યા એક, ટ્રેઝરર પદે જગ્યા એક, લાયબ્રેરી સેક્રટરી પદે જગ્યા એક, કારોબારી સભ્ય પદે જગ્યા ૯ તથા કારોબારી મહીલા અનામત પદે જગ્યા એક છે. તેમ રાજકોટ બાર એશોસીએશનના ચુંટણી અધીકારીએ જણાવ્યું છે.

સરગમક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે

દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય વિના મુલ્યે જયપુર ફૂટ કેમ્પ યોજાયો

ત્રણ દિવસ કેમ્પમાં ૯૨ દર્દીએ લાભ લીધેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા.૧/૧૨ થી ૩/૧૨ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૯૨ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સ નાં દર્દી-૩૦ અને લેગ (પગ) ના ૪૨, રીપેરીંગ ૨૦ દર્દીઓએ વિના મુલ્યે લાભ લીધેલ.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશન નાં સહયોગ થી અને તેના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે કમાણી ફાઉન્ડેશનના કિશોરભાઈ પરમાર,

જે. કે. સરાઢે, પ્રફૂલભાઈ મીરાણી, કનૈયાલાલ ગજેરા, અનવરભાઈ ઠેબા તેમજ સરગમ લેડીઝ-કમિટી મેમ્બરો કૈલાશબેન વાળા, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, ચેતનાબેન સવજાણી, સુધાબેન દોશી, હર્ષાબેન કથ્રેચા, મધુરિકાબેન જોડેજા, શોભાનાબેન સૌમૈયા, દિવ્યાબેન ઉમરાણીયા, હર્ષાબેન પીઠડીયા, નિશાબેન વડગામા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર, રામપ્રસાદ મેઘવાલ વગેરે સેવા આપેલ, આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.આગામી કેમ્પ તા. ૦૧/૦૧ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

રાજુલાનાં રામપરા ગામનાં મુખ્યમાર્ગ ઉપર ડાલામથ્થા સિંહે ઈવનિંગ વોક કર્યું

સોશ્યલ મીડિયામાં વીડીયો થયો વાયરલ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૮

રાજુલાનાં રામપરા જાહેર મેઇન રોડ ઉપર એક ડાલમથ્થા સિંહે સમી સાંજે શાહી લટાર મારતા આ માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો તથા રાહદારીઓને સિંહ દર્શન થયા હતાં. આ બનાવ અંગેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે.આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલાના રામપરા જાહેર મેઇન રોડ ઉપર સ્ટેટ હાઇવેના ટોરેન્ટ વિસ્તાર પર એક ડાલમથ્થા સિંહે આજે ઢળતી સાંજે શાહી લટાર મારતા આ માર્ગ ઉપરથી પસાર થતાં ખુલા બોલેરો કારમાં સવારઇસમે ડાલામથ્થા સિંહનો વીડિયો મોબાઈલમાં કેદ કર્યો હતો. જયારે વાહન ચાલકો તથા રાહદારીઓને મફતમાં સિંહ દર્શન થયા હતાં. આ બનાવ અંગેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાના ઉદ્યોગિક શહેર ગણાતાં જાફરાબાદ રાજુલા પંથકમાં સિંહોનું સામ્રાજય આવેલ હોય છાશવારે આ પંથકમાં વન્ય પ્રાણીઓ નજીકના ગ્રામ્ય વિસ્તાર તથા જાહેર માર્ગ ઉપર ફરતા જોવા મળે છે.

મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે વોર્ડ નં. ૧૧, ૧૨ અને ૧૮મા રૂ. ૩.૫૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૮

રાજયના મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૧, ૧૨ અને ૧૮મા કુલ રૂ. ૩.૫૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

જેમાં વોર્ડ નં.૧૧ ખાતે સરદારનગર કો.ઓપ.હાઉસિંગ સોસાયટી તથા નહેરૂનગર સોસાયટીની શેરીના રસ્તાઓ પર આશરે રૂ.૯૯.૦૦ લાખના ખર્ચે ડામર રી-કાર્પેટ કરવાના કામ તથા વોર્ડ નં.૧૨ ની જે.કે.સાગર સોસાયટી તથા અન્ય સોસાયટીના રસ્તા પર અંદાજિત રૂ.૧૦૦.૦૦ લાખના ખર્ચે ડામર કાર્પેટ કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

તદુપરાંત, મંત્રીના હસ્તે વોર્ડ નં.૧૮ તાલુકા શાળા રોડથી સ્વાતિ પાર્ક સોસા. સુધી અંદાજિત રૂ.૬૭.૦૦ લાખના ખર્ચે તૈયાર થનાર વરસાદી પાણીની લાઈન નાખવાના કામ તથા કોઠારીયા ગામતળમાં અંદાજિત રૂ.૯૦.૦૦ લાખના ખર્ચે મેટલીંગ કરવાના કામ મળી કુલ ૩૫૬ લાખના ખાતમુહૂર્ત કરી લોકોને વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપી હતી. આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમીન ઠાકર, દંડક મનીષભાઈ રાડિયા તથા પૂર્વ મેયર પ્રદિપ ડવ તથા વિસ્તારના આગેવાનો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટીંગઃ કુલ ૩૮ દરખાસ્તો

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૮

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગ તા.૯ને શનિવારે બપોરે ૧૨ કલાકે મહાનગપાલિક સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ છે. મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં કુલ ૩૮ દરખાસ્તો મૂકવામાં આવી છે. વોર્ડ નં.૬માં પ્રધુમન પાર્ક પાછળ, સફારી પાર્કની ખૂલી જગ્યામાં ઘનિષ્ઠ વૃક્ષારોપણની કરવા અંગે નિર્ણય લેવામાં આવશે. મહાનગરપાલિકા પૂર્વ ઝોનના આજી ફિલ્ટર પ્લાન્ટ-૨ ખાતે ક્મ્પ્રેસર સિસ્ટમ ફીટ કરી નવીની કરણ કરવાના કામ અંગે, વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના બે વર્ષ માટે મહાનગપાલિકાના વોટર વર્કસ શાખા હસ્તકના વાર્ષિક વાલ્વ ઓપરેટિંગ કામનો કોન્ટ્રાકટ આપવા અંગે નિર્ણય લેવામાં આવશે. આમ કુલ ૩૮ દરખાસ્તો મૂકવામાં આવી છે. તે તમામ દરખાસ્તો અંગે કાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં નિર્ણય લેવામાં આવશે.

રાજકોટમાં ઘેડિયા કોળી સમાજ અને તળપદા કોળી સમાજનું સ્નેહમિલન યોજાયું

સ્નેહમિલન સમારોહમાં કન્યા છાત્રાલય નિર્માણની વિચારણા કરવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૮

શ્રી ઘેડિયા કોળી સમાજ ટ્રસ્ટ રાજકોટ દ્વારા તા.૦૩/૧૨ના રોજ રેસકોર્ષ બાલભવન ખાતે નવાવર્ષનું સ્નેહમિલન અને વિદ્યાથી સન્માન યોજાઇ ગઈ ત્યારબાદ આ જ દિવસે પેડક રોડ સેટેલાઈટચોક સંત જ્ઞાનેશ્વર સ્કૂલ ખાતે તળપદા કોળી સમાજનું સ્નેહમિલન યોજીઇ ગયું. આ બન્ને સ્નેહમિલન સમારોહ કાર્યક્રમમાં બન્ને સમાજના યુવા કાર્યકરોએ રાજકોટ સમસ્ત કોળી સમાજ કેળવણી ટ્રસ્ટના માધ્યમથી માં ચામુંડાધામ કન્યા છાત્રાલયનું આવનાર દિવસોમાં નિર્માણ થાય તેવા સંકલપ સાથે વિચાર વ્યક્ત કરવામાં આવેલ છે. તેમ કેળવણી ટ્રસ્ટ રાજકોટની યાદીમાં જણાવેલ છે.

૯ ડિસેમ્બર, ભ્રષ્ટાચાર વિરોધી દિવસ

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૦૫માં આયોજિત કરેલી એક કોન્ફરન્સમાં ૯ ડિસેમ્બરનાં દિવસને ભ્રષ્ટાચાર વિરોધ દિવસ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ભ્રષ્ટાચાર એ એક એવો મુદ્દો છે કે જે વિશ્વના દરેક દેશોને અસર કરે છે. તે નૈતિકતા, અંખડિતતા અને પ્રમાણિકતાનો અભાવ દર્શાવે છે. ભ્રષ્ટાચાર લોકશાહીને નબળી કરે છે, સરકારને અસ્થિર બનાવે છે અને દેશોને આર્થિક ધોરણે પાછળ ધકેલે છે. ભ્રષ્ટાચાર વિરોધી દિવસનું મહત્ત્વ વિશ્વ સ્તરે ભ્રષ્ટાચાર નાબુદી અંગે જાગરૂકતા ફેલાવવાનો છે. લોકશાહી સંસ્થાઓનો પાયો બચાવવા માટે ભ્રષ્ટાચારને ફેલાતો અટકાવવો ખૂબ જ જરૂરી છે કારણ કે ભ્રષ્ટાચાર કાયદાના શાસનની પ્રક્રિયાઓને વિકૃત કરે છે. ભ્રષ્ટાચાર કેટલીય રીતે દેશના આર્થિક વિકાસને પણ અસર કરે છે.

ભ્રષ્ટાચાર એટલે સામાન્ય રીતે કોઈ વ્યક્તિ દ્વારા થતું ભ્રષ્ટ આચરણ. આ પાછળ કોઈને નુકસાન પહોચાડવા કરતા પોતાનો સ્વાર્થ સાધવાનો હેતુ રહેલો છે. કદાચ એટલે જ આ પ્રવૃત્તિ વિશ્વ વિખ્યાત બની ગઈ છે. આ પાછળ માણસની એક જ માનસિકતા જવાબદાર બની છે કે, 'હું એકલો કે હું એકલી શું કરી શકું ?', 'બધાં ઘર લઈને બેઠા છે.', 'બધા કરે છે તો હું કેમ ન કરું ?' આ બધી જ વિષયવસ્તુ માણસનાં માનસને અસર કરે છે અને પછીથી કોઈ કોઈની પરવાહ કર્યા વગર લાંચ લે છે અને પોતાનો સ્વાર્થ સર કરે છે, કેટલાક તો વળી માણસાઇને નેવે મુકીને વિભિન્ન પ્રકારનાં ભ્રષ્ટ આચરણ કરે છે જેથી બીજાને પણ નુકસાન પહોચે છે. ખરેખર તો માણસમાં ભ્રષ્ટાચારની નીવ તે નાનો હોય, બાળક હોય ત્યારે જ નંખાઇ જતી હોય છે. જયારે પણ બાળક માતા પિતાની કોઈ વાત ન માને તો તેને જાત જાતની લાલચ આપીને પોતાનું ધાર્યું કામ તેની પાસેથી કઢાવવામાં આવે છે. બાળક બરાબર જમશે નહીં તો મોબાઈલમાં વિડીયો જોવાની લાલચ, બરાબર ભણશે નહીં તો નવી બોલપેન કે પેન્સિલની લાલચ, પોતાનું કોઈ કામ બરાબર નહીં કરે તો તેને બહાર ફરવા લઈ જવાની લાલચ. ઘરથી શરુ થયેલી આ પ્રવૃત્તિ પછી સ્કુલમાં, કોલેજમાં અને પછી માણસ કામ ધંધામાં પણ ભ્રષ્ટાચાર કરતાં શીખી જાય છે અને વળી પોતાના બાળકોને પણ આવી જ શિક્ષા આપે છે. જો ઘરમાં જ લાંચ લેવાનાં બીજ રોપાતા હોય એ પણ બાળ અવસ્થામાં જ તો સમગ્ર સમાજનો હિસ્સો એવી વ્યક્તિઓ પાસેથી ભ્રષ્ટાચાર સિવાયની બીજી તો કઈ અપેક્ષા રાખી શકાય ? એવું નથી કે માતા પિતા જાણી જોઇને આવું કરે છે પરંતુ અજાણતા જ એમની કરેલી અમુક નાની નાની ભૂલો ભવિષ્યમાં ખુબ મોટી થઈને સામે આવે છે. વ્યક્તિ પોતે એ સમાજનો જ એક હિસ્સો છે. વ્યક્તિ વ્યક્તિથી જ સમાજ બને છે અથવા એમ કહો કે સમગ્ર સમાજ એ વ્યક્તિઓ થકી જ છે. ફળોની ટોકરીમાં જો એક ફળ ખરાબ થાય, સડી જાય તો તે સીધી કે આડકતરી રીતે બીજા બધા ફળોને નુકસાન કરે જ છે એવી જ રીતે સમાજમાં કોઈ એક વ્યક્તિ ખોટી દિશામાં જશે તો તે સમગ્ર સમાજને નુકસાનકર્તા બનશે. તેથી સૌ એ પોતાની અંગત જવાબદારી સમજીને પોતાના આચરણમાં કોઈ ખોટ આવવા દેવી ન જોઈએ તેમજ ભ્રષ્ટાચાર નાબુદીની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ.

મિત્તલ ખેતાણી(૯૮૨૪૨ ૨૧૯૯૯)

ધારાસભ્ય, પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં મળેલ સામાન્ય સભામાં

બગસરા પાલિકાએ શિક્ષણ ફીમાં વધારો કરતાં બઘડાટી

પાલિકાનાં શાસકોએ મેઘાણી હાઇસ્કૂલમાં કોમ્પ્યુટર કોર્ષની ફી ૨૦૦થી વધારી ૪૦૦ કરતાં હંગામો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૮

બગસરા પાલિકાની સામાન્ય સભા ગઈકાલે ધારાસભ્ય જે.વી. કાકડીયા, પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રિબડીયા અને ચીફ ઓફિસર ભાવનાબેન ગોસ્વામીની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં ભાજપનાં ૧૮ અને કોંગ્રેસનાં ૭ સદસ્યો જોડાયા હતા.

સામાન્ય સભામાં કોંગી સદસ્યોએ મેઘાણી હાઈસ્કૂલમાં કોમ્પ્યુટર કોર્ષની ફી ૨૦૦ થી વધારીને ૪૦૦ કરવાનાં નિર્ણય સામે રોષ વ્યકત કર્યો હતો અને ગરીબ પરિવારોનાં બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપવાને બદલે તેમાં વધારો ન કરવાની ઉગ્ર રજૂઆત કરી હતી.

કોંગી સદસ્ય અનિલ શેખે ધારાસભ્યને સ્પષ્ટ જણાવ્યું કે, તમો હોદ્દાની રૂએ સામાન્ય સભામાં બેસી શકો પરંતુ પાલિકા સદસ્યોનાં નિર્ણયમાં કોઈ ફેરફાર કરી ન શકો તેમજ શહેરમાં સફાઈ, માર્ગો સહિતનાં પ્રશ્નોને લઈને જનહિતમાં રજૂઆત કરીહતી.

તદુઉપરાંત પાલિકાનાં પ્રમુખપદે મહિલા હોય પરંતુ તમામ વહીવટી પ્રમુખનાં પતિ જ કરી રહ્યા છે. તો મહિલા સદસ્યોનાં પતિઓ પણ વહીવટી પ્રક્રિયામાં વધારે દખલ કરતાં હોય પ્રધાનમંત્રીનાં મહિલા સશકિતકરણનો કોઈ મત્તલબ રહેતો નથી તેવો આક્ષેપ પણ કોંગી નગર સેવકોએ કર્યો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સરકારે મહિલાઓનાં હિતમાં પંચાયતથી લઈને પાર્લામેન્ટમાં સ્વતંત્ર્યપણે મહિલા નિર્ણય કરે તે માટે જરૂરી આદેશ કરવા જરૂરી છે. કારણ કે મહિલાનાં પતિ, પિતા, પુત્ર કે ભાઈ જ વહીવટ કરવા દેશે તો મહિલા સશકિતકરણનો કોઈ મત્તલબ જ નથી અને મહિલા સ્વતંત્રપણે વહીવટ કરી શકે તે માટે કોઈ કાયદો બનાવવો પણ જરૂરી બન્યો છે. કારણ કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં મહિલા અનામત સીટ ૪૦ વર્ષથી લાગુ થઈ છે છતાં પણ મહિલાઓને સ્વતંત્રપણે નિર્ણય કરવા મળે નહી તે બાબત યોગ્ય નથી.

તા. ૨૨ ડિસેમ્બર લાંબામાં લાંબી રાત્રીઃ વિજ્ઞાન જાથા

રાજકોટમાં ૧૩ કલાક ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રી

અમદાવાદ,તા.૮

તા. ૨૨ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ કહેવામાં આવે છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ-રાત ૧૨-૧૨ કલાકની બને છે. શુક્રવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ-રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજકોટમાં રાત્રિ ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, જુનાગઢમાં રાત્રિ ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રિ ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિ ૧૩ કલાક ૦૧ મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ, ૦૭ સેકન્ડ, કાશ્મીરમાં રાત્રિ ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૦૯ સેકન્ડ લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા. ૨૩ મી શનિવારથી રાત્રી ક્રમશઃ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે છે. નાના-મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે. વધુમાં પંડયાએ જણાવ્યું કે સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે અને પછી ત્યાંથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત્ત કહે છે. પૃથ્વી પરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે.

વિશેખમાં જયંત પંડયા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝુકેલી ધરીને કારણે પૃથ્વી પર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો પર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા પર ઊંચે અક્ષાંશે જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. અંતમાં જાથાએ આકાશ તરફ લોકો નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કેળવાય તે માટે અભિયાન આદર્યું છે. શુક્રવારે લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રિ ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. વિશેખ માહિતી માટે ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

શ્રી પુનિત સદ્‌ગુરૂ ભજન મંડળના ધૂન-ભજન

રાજકોટઃ શ્રી પુનિત સદ્‌ગુરૂ ભજન મંડળ દ્વારા આજે રાત્રે ૯:૩૦ કલાકે સ્વ.સુરેશભાઈ ગોવિંદભાઈ માત્રાવડીયાના સ્મણાર્થે ધૂન-ભજન, બ્રીજી એપાર્ટમેન્ટ, ૩જા માળે રઘુવીર પરા શેરીનંબર.૨, પરાબજાર, ચંદુભાઈ ભજીયાવાળી શેરી ખાતે રાખેલ છે. ભાવિકોને લાભ લેવા પ્રમુખ જયેશભાઈ નથવાણીએ અનુરોધ કરેલ છે.

તંત્રી લેખ

કંજૂસાઈ નહીં પણ 'કરકસર છે આધુનિક વિચારધારા...

જેમ જેમ જીવનમાં પ્રગતિ કરીએ છીએ, સમૃદ્ધિ તરફ જઈએ છે તેમ તેમ આનંદ વધે છે. પરંતુ, વૈભવ સાથે એક ચીજ ચાલી જાય છે તે છે અનુકુળ સમય. સતત પ્રગતિ કરતા આ દેશમાં તમારી પાસે બધું જ હશે, પરંતુ હવે તમારે જે સાચવવાનું છે તે છે સમય. વર્ષો પહેલાં જયારે દેશમાં આટલી સમૃદ્ધિ ન હતી, ત્યારે લોકો ચીજ વસ્તુઓ શોધવા નીકળતાં, સમય પસાર કરવા એકબીજાને મળવા જતાં. દૂર દૂર ફરવા જતાં, એકબીજાને ટપાલ લખતાં અને સમાચાર પત્રો વાંચીને નવી માહિતી મેળવતાં. તે સમયે જીવન બિલકુલ સામાન્ય હતું, કોઈ સાધન કે વ્યવસ્થા આટલી બધી જોવા મળતી ન હતી. અને મનુષ્ય પાસે સામાજિક જીવન માટે અનુકુળ સમય પણ રહેતો હતો. અમદાવાદથી ડીસા જવામાં લગભગ સાંજ પડી જતી, સાધનો પણ જલદી મળતાં નહીં. જયારે જઈને બપોરે પાછા આવીએ તેવી મોંઘી ગાડીઓની સગવડ સહજ થઇ ગઈ છે.એકસામટાં મોકલાતાં ગુડ મોર્નિંગના મેસેજ અને બિનજરૂરી વીડિયો તમારા કુમળા મન અને બુદ્ધિને અમર્યાદિત નુકસાન આપે છે. એક ખરાબ મેસેજ તમારા જીવનની લગભગ (એવરેજ)૭ મિનીટ બગાડી શકે છે.તમને સારી રીતે કાર્ય કરવા માટે એક કાર્ય પર '૪૦ સેકન્ડ સમય આપ્યાં પછી જ તે કાર્યને તમારું મગજ સારી રીતે સમજવા લાગે છે. માટેબિનજરૂરી મેસેજીસ તમને કેટલું નુકસાન આપી રહ્યા છે, તે તમે પોતે જ સમજી શકશો. સમય બચાવવા માટે તમારે જીવનમાં, સરળતા લાવવી પડશે અને તર્કપૂર્ણ રીતે જીવન પ્રણાલીને સુધારવી પડશે, નહીતર ચીજોનો ભંગાર અને બિનજરૂરી માહિતીથી તમારું જીવન ઝડપથી ચાલ્યું જશે તે પણ સત્ય છે. કંજૂસાઈ નહીં પણ 'કરકસર સાથે જીવવું પડશે, કરકસર જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે. જોઈતી ચીજોને પણ ના રાખવી કે ના ખરીદવી કંજુસાઈ છે પણ જે જોઈએ છે માત્ર તેને જ રાખવું એ કરકસર છે. કરકસર માં- બાપ કે ગુરુજનો સિવાય કોઈ શીખવાડતું નથી. કરકસર માટે મન કેળવવું પડે છે, તેનો સીધો ફાયદો 'નાણાં અને શક્તિનો બચાવ છે. મને લાગે છે કે હવે તમને કરકસર જરૂર ગમશે.એવી ચીજોનું લીસ્ટ બનાવો કે જે છેલ્લા ઘણા સમયથી નથી વપરાઈ, આ ચીજોની જો તમારે જરૂર ના હોય તો તે ચીજો જેણે ઉપયોગી થાય તેને આપી દો. એકવાર આ રીતે કરવાથી તમને જરૂરથી ઘરમાં નવી ઊર્જાનો અનુભવ થશે અનેજેણે આપશો તે પણ ખુશ થશે.આનું સૌથી સારું ઉદાહરણ કાંડા ઘડિયાળ છે, મેં જોયું છે કે લોકોના કબાટમાં ઘડિયાળોનો ખડકલો થઇ ચુક્યો છે. આપણને એક સમયે એક જ ઘડિયાળથી સમય જોવા મળી શકે. એક જ પરંતુ સૌથી સારી ક્વોલીટીની ઘડિયાળ વાપરીને પણ તમે જીવન આસાન બનાવી શકો છો. એક થી વધુ ટુ-વ્હીલર્સ અને એકથી વધુ મોબાઈલ ફોન્સ બિનજરૂરી સમય અને શક્તિનું ઉદાહરણ છે. એક પણ સૌથી અનુકુળ સાધન રાખો.

BAPS સ્વામિનારાયણ મંદિર, નડિયાદનું પૂ.મહંતસ્વામી મહારાજના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા અને લોકાર્પણ સંપન્ન

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મંદિરના ઉદઘાટન કાર્યક્રમ અને પ્રમુખ સ્વામી મહારાજના જન્મોત્સવની વિશિષ્ટ સાયં સભામાં ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર,તા.૮

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય દિને **BAPS** સ્વામિનારાયણ મંદિર, નડિયાદનું લોકાર્પણ **BAPS**ના અધ્યક્ષ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ અવસરે સવારે યોજાયેલ પ્રાણપ્રતિષ્ઠા વિધિ અને સાંજે ભવ્ય લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સત કેવલ જ્ઞાન સંપ્રદાય-સારસાના અનંત વિભૂષિત જગદગુરૂ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજ તેમજ હજારો ભક્તો-ભાવિકો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ મંદિર સનાતન હિન્દુ ધર્મના શાંતિ, સંવાદિતા અને એકતાના મૂલ્યોને ઉજાગર કરતું, સાંસ્કૃતિક અભિવ્યક્તિ, કલા, સ્થાપત્ય અને સામાજિક સેવાઓ અને આધ્યાત્મિક શિક્ષણનું ઉત્તમ સ્થાન બની રહેશે. ગુજરાત વિધાનસભાના પૂર્વ દંડક અને નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, ગુજરાત સરકારના સહકારી મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, મહુધાના ધારાસભ્ય સંજયસિંહ, માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, ઠાસરાના ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ સ્થાને મોટું મંદિર રચવા સંકલ્પ કર્યો હતો, જે આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પૂર્ણ થયો છે. સવારે મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં સંસ્થાના વરિષ્ઠ સદ્‌ગરૂ સંતો અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા વૈદિક મહાપૂજા બાદ પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ અને આરતી તથા ભવ્ય અન્નકૂટ દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ- ગુણાતીતાનંદ સ્વામી(શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ), શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રામ પરિવાર, શ્રી રાધાકૃષ્ણ ભગવાન , શ્રી શિવ પરિવાર, શ્રી નીલકંઠવર્ણી અને શ્રી ગુણાતીત ગુરુપરંપરાના ગુરુવર્યોની મૂર્તિઓ અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. પ્રાણપ્રતિષ્ઠા વખતે પ્રત્યક્ષ ઉપસ્થિત અને વર્ચ્યુઅલ લાભ લઈ રહેલાં હજારો હરિભક્તો-ભાવિકોએ દીપ પ્રાગટ્ય કરી મહાઆરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું. આજે લોકાર્પણ પ્રસંગે ખાસ પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું **BAPS** ના સંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓના દર્શન અને મંદિર સંકુલનું નિરીક્ષણ કરીને તેઓશ્રી 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જન્મ જયંતિ અને મંદિર લોકાર્પણ'ની સભામાં પધાર્યા હતા. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ અને મુખ્ય મંત્રીના વરદહસ્તે મંદિર લોકાર્પણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે પ્રમુખસ્વામી મહારાજે મંદિરો દ્વારા ચારિત્ર્યશીલ સમાજનું નિર્માણ કર્યું છે. સત કેવલ જ્ઞાન સંપ્રદાય-સારસાના અનંત વિભૂષિત જગદગુરૂ શ્રી અવિચલદેવાચાર્યજી મહારાજે હિન્દુ એકતાની વાત દ્રઢ કરાવી હતી અને **BAPS** સંસ્થા અને પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ દ્વારા હિન્દુ જાગૃતિના કાર્યોની સરાહના કરી હતી. **BAPS** સંસ્થા સનાતન ધર્મના પાયાના મૂલ્યોને મજબૂત કરવા પુરુષાર્થ કરી રહી છે.પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સૌને આશીર્વચન પાઠવ્યા હતા અને સૌને મંદિર દ્વારા જીવન ઘડતરની પ્રેરણા આપી હતી.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરિત રાષ્ટ્રીય સંયુક્ત મોરચા દ્વારા પેન્શન અને પડતર પ્રશ્નો માટે

એક લાખ થી વધારે શિક્ષકો સહિત કર્મચારીઓ કરશે પદયાત્રા

અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળ સહિત ૭૦ થી વધુ કર્મચારી મંડળ, ઉત્કર્ષમંડળ, હિત રક્ષક સમિતિઓનો ટેકો

ગાંધીનગર,તા.૮

તમામ નવ સંવર્ગોના પદાધિકારીઓ એ વિધાનસભા ચૂંટણી પહેલા આંદોલનના સમાધાન સમયે સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ અને હજુ સુધી ઠરાવ ન કરવામાં આવેલ ૨૦૦૫ પહેલાના ઓલ્ડ પેન્શન યોજના સહિત તમામ શિક્ષકો કર્મચારીઓને પેન્શન મળે તેમજ માગણી કરેલ નવ સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નોનો આંદોલનના પ્રથમ તબક્કા પછી પણ ઉકેલ ન આવતાં તમામ પ્રશ્નોનાનો સત્વરે ઉકેલ આવે એ હેતુ સર ઠરાવ પસાર કરી સર્વાનુમતે આગામી નવ ડિસેમ્બરના રોજ પદયાત્રા કરી મહાપંચાયતોનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે

સરકારી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આચાર્ય, મુખ્ય શિક્ષક **HTAT** સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નો મહાનગર પાલિકાના પડતર પ્રશ્નોનો વાર્તાલાપ કરી નિકાલ ન આવે તો નવ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગુજરાતના વિવિધ સ્થળો પર શિક્ષકો કર્મચારીઓ પદયાત્રા કરી વડાપ્રધાન, મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, મુખ્ય સચિવને જિલ્લા કલેક્ટરના માધ્યમથી આવેદનપત્રો આપવામાં આવશે. જેની સંપૂર્ણ તૈયારી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા કરી દેવામાં આવી છે. તાલુકા /જીલ્લા સ્તરે ઓનલાઇન બેઠકો / ફિઝિકલ બેઠકો, શાળા મુલાકાતો, પત્રિકા વિતરણ કરી સફળ આંદોલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વિવિધ સંવર્ગના પ્રશ્નોની મુખ્યત્વે ઓલ્ડ પેન્શન યોજના લાગુ કરવી, **Htat** મુખ્ય શિક્ષકોના બદલીના નિયમો અને બદલી કેમ્પો સત્વરે યોજાય તે બાબત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષક કર્મચારીઓને શાળા બદલીનો લાભ મળે તે માટે સમિતિની રચના, શિક્ષકોની કાયમી ભરતી, સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના બદલી અંગેના તથા અન્ય વિવિધ પ્રશ્નોનો, ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગના ફાજલ રક્ષણ, આર.ટી.ઇ. એક્ટ લાગુ કરવો ૪૨૦૦ ગ્રેડ પે તેમજ અન્ય, કર્મચારીઓ માટે સાતમા પગાર પંચ મુજબ મોંઘવારી, ઘરભાડું અને વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન થઈ રહ્યું છે. તેવું કચ્છ જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના પ્રચાર પ્રમુખ મહેશ દેસાઈની યાદીમાં જણાવાયું છે.

બોગસ લોકરક્ષક ભરતી કૌભાંડમાં સાયલાના શખ્સની ધરપકડ કરી

મુખ્ય સૂત્રધાર ચોટીલાના દેવરાજ સહિત ૧૨ આરોપીઓ સુધી પહોંચવા પોલીસની મથામણ

રાજકોટ, તા.૮

રાજકોટ ખાતેથી ખુલ્લા પડેલા બોગસ લોકરક્ષક ભરતી કૌભાંડમાં અંતે ક્રાઈમ બ્રાંચે આ ગુનાના ભેજાબાજ ગણાતા સાયલાના ગઢસીરવાણિયા ગામે રહેતા હિતેશ રાણા દુદામીયાની ધરપકડ કરી છે. જોકે મુખ્ય સૂત્રધાર ગણાતા દેવરાજ સહિત ૧૨ આરોપીઓ સુધી પહોંચવા પોલીસ અઢી માસ બાદ પણ મથામણ કરી રહી છે. આ પ્રકરણની ટૂંકી વિગત મુજબ, રાજકોટમાં એક યુવક કોલ લેટર લઈ લોકરક્ષક તરીકે ભરતી થવા આવ્યો હતો. તેનો નિમણુંક પત્ર બોગસ હોવાનું જણાતા મોટું કૌભાંડ છતું થયું હતું. ક્રાઈમ બ્રાંચને તપાસ સોંપતા ૨૮ લોકોને બોગસ કોલ લેટર થકી ભરતી કરાવવાના હતા તેમ ખુલવા પામેલ જે ઓછી ૨૫ જેટલા આરોપીઓની ધરપકડ થઈ હતી. એક કોલ લેટર દીઠ ૪થી ૫ લાખ રૂપિયા કૌભાંડીઓ દ્વારા લેવાતા હતા. સમગ્ર તપાસમાં એક મહિલા આરોપી પણ પકડાઈ હતી. ૨૩ ઓગષ્ટ આસપાસ ખુલ્લા પડેલા આ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર દેવરાજ સહિત ૧૨ આરોપીઓ હજૂ વોન્ટેડ છે.

આ ગુનામાં દેવરાજ અને હિતેષની ભૂમિકા મુખ્ય રહી છે. હાલ પકડાયેલ હિતેશના રિમાન્ડ મેળવવા તજવીજ કરાઈ છે. અગાઉ આ કૌભાંડમાં કોલ લેટર લઈ હાજર થયેલ પ્રદીપ મકવાણા તેના પિતા ભરત ગોબર મકવાણા (રહે.શિવરાજપુર, જસદણ), માસા ભાવેશ ગોબરભાઈ ચાવડા અને તેના ભાઈ બાલાભાઈ ગોબરભાઈ ચાવડા (રહે. બરવાડા, તા. ચોટીલા), સીમા સવશીભાઇ સાકરીયા તેનો ભાઈ સાગર સવશીભાઇ સાકરીયા (રહે. કુંઢડા, તા.ચોટીલા), ધીરાભાઇ ઉર્ફે ધીરુ ગોવિંદભાઇ ખોડાણી(રહે. લાખણકા, તા.ચોટીલા), રમેશ દેવશી ઓડકીયા (રહે. ત્રામ્બોડા, તા.ચોટીલા), શેલેષ દિનેશ નગડકીયા (રહે.બરવાળા તા.જસદણ), સિધ્ધાર્થ ભાનુભાઈ સોનારા (રહે.રાધેશ્યામ સોસાયટી, રાજકોટ), હિતેશ જેન્તીભાઈ કુકડીયા (રહે.બરવાળા તા.જસદણ), રવિ હરીભાઈ રોજાસરા (રહે.લાખાવળ, તા.જસદણ), દર્દીશ નાજાભાઈ વાઘેલા (રહે.માનપર તા.બાબરા જિ.અમરેલી), બહાદુર કાંતિભાઈ સોરાણી (રહે.ડોકળવા તા.ચોટીલા), દિનેશ ગગજીભાઈ માલકીયા (રહે.હિરાસર તા.ચોટીલા) અને વિજય માનસીંગભાઈ ખોરાણી (રહે.ચિરોડા તા.ચોટીલા) સહિત ૨૫ની ધરપકડ થઈ ગઈ હતી. હવે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ હિતેશના રિમાન્ડ મેળવી તેની પૂછપરછ હાથ ધરી દેવરાજનું પગેરું મેળવવા પ્રયાસ કરશે.

સઘન પોલિયો અંતર્ગત સાવરકુંડલા અર્બન હેલ્થ દ્વારા છેવાડાના વિસ્તારમાં રહેતા ૦ થી ૫ વર્ષના બાળકોને પણ કરાયું વેકસીનેશન

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા. તા.૮

ગુજરાતમાં ચાલી રહેલ સઘન પોલિયો અંતર્ગત સાવરકુંડલામાં રવિવારના દિવસે દરેક બુથ ઉપર પોલિયો વેકસીનેશન કર્યા બાદ બુથ પર ન આવેલ દરેક બાળકોને અર્બન હેલ્થના દરેક સ્ટાફ દ્વારા સોમવાર થી આજદિન સુધી અર્બન હેલ્થ સેન્ટર સાવરકુંડલાના મેડીકલ ઓફિસર અને સુપરવાઈઝરની દેખરેખ હેઠળ દરેક વોર્ડના સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરી દરેક વોર્ડમાં ૦ થી ૫ વર્ષના દરેક બાળકોને પોલિયોના ટીપાં પીવડાવીને સાવરકુંડલા અને ભારતને પોલિયો મુક્ત કરવાની ઝુંબેશમાં સહભાગી થવાનો પ્રયાસ કર્યો હતો સાવરકુંડલાના વિવિધ છેવાડાના

વિસ્તારો જેવાં કે જેસર રોડ વાડી વિસ્તાર ખાતે પણ આ પોલિયો નાબૂદી અભિયાન સંદર્ભે પોલિયોની ટીપાં પીવડાવવામાં આવેલ પોલિયો નાબૂદી અભિયાનનું મહત્વ સમજાવી ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયો રસીકરણ કરવામાં આવેલ. આમ આરોગ્ય વિભાગ દ્વારા સરકારના પોલિયો નાબૂદી અભિયાનને સાર્થક કરવાનો સુંદર પ્રયાસ થતો નજરે જોવા મળેલ.

૨ લોકો જાહેરમાં કચરો ફેંકતા દંડ વસુલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

રાજકોટ શહેરમા સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેર ને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગે ની ફરિયાદો નાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકો ને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાનાં માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૦૭-૧૨નાં રોજ ૦૨ વ્યક્તિઓને જાહેરમાં કચરો ફેકતા

ઝડપી લીધા હતા, તેઓની પાસેથી દંડ વસુલ કરવામાં આવેલ છે.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૪૦૨ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૨૩૪ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. અને

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૩૦ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારનાં સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ છે.

શહેરના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૪.૩ ટન કચરાનો નિકાલ

રાજકોટઃ મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી ૪.૩ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.પશ્ચિમ ઝોન વિસ્તારનાં વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૨.૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ, તેમજ પૂર્વ ઝોન વિસ્તારના વિવિધ એન્ટ્રી / એક્ઝીટ પોઈન્ટ ખાતેથી કુલ ૧.૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.

જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૩૦ લોકો સામે દંડની કાર્યવાહી

૩.૨૫ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

રાજકોટઃ સ્વચ્છતા એ જ સેવા અભિયાનના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૧૦ થી તા.૧૬/૧૨ દરમ્યાન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજકોટ શહેરને પ્લાસ્ટીક મુકત કરવા તથા લોકોમાં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે તા.૦૮/૧૨ના રોજ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનમાં ઝુંબેશના રૂપમાં સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ત્રણેય ઝોનમાં જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો ફેંકતા કુલ ૩૦ નાગરિકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલ અને ૩.૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

શહેરના ૧૦૮ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કરી ૨૧.૬ ટન કચરાનો નિકાલ

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણેય ઝોનના ૧૦૮ ન્યુસન્સ પોઈન્ટ ખાતે સઘન સફાઈ કામગીરી કરી ૨૧.૬ ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.ન્યુસન્સ પોઈન્ટ સહીત શહેરના તમામ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ કામગીરી કરવામાં આવે છે અને દરેક મુખ્ય માર્ગ પર નિમણુંક કરેલ પ્રભારી ઓફિસર દ્વારા સફાઈ કામગીરીનું સુપરવીઝન કરવામાં આવે છે.

કરણી સેનાનાં અધ્યક્ષ સુખદેવસિંહની રાજસ્થાનના જયપુરમાં હત્યાને વખોડી કાઢતો વડિયા કુંકાવાવ તાલુકા કાઠી ક્ષત્રીય સમાજ

વડિયા કુંકાવાવ તાલુકા સહિતનાં કાઠી ક્ષત્રીય સમાજે ભારે રોષ વ્યક્ત કર્યો

(કિરીટ જોટવા દ્વારા)



વડિયા,તા.૮

રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના નેતા સુખદેવસિંહની જયપુરમાં હત્યાને વખોડી કાઢતા વડિયા કુંકાવાવ તાલુકા કાઠી ક્ષત્રીય સમાજના ભારે રોષ.રાજસ્થાનના જયપુર ખાતે રાજપુત કરણી સેનાના નેતા વીર યોધ્ધા જેવા સુખદેવસિંહની દિન દહાડે ધોળા દિવસે અજાણ્યા હરામખોરોએ ગોળી મારી હત્યા કરેલ છે.સુખદેવસિંહ ગોગામેડી રાષટ્રીય રાજપુત કરણી સેનાના અગ્રીમ નેતા હતા. તેઓ ગુજરાત કરણી સેનાના સંગઠન મજબૂત કરવામાં સારૂ એવું યોગદાન મહત્વનો ફાળો તેઓ નો હતો. તેમજ તેઓએ રાજપુત સમાજ અને કાઠી ક્ષત્રિય સમાજને એક તાંતણે બાંધવાની મહત્વની ભૂમિકા નિભાવી હતી. એવા વીર યોધ્ધાની ગુજરાત કરણી સેનાને સુખદેવસિંહની હત્યાથી ન પુરી શકાય તેવી ખોટ પડી છે.સુખદેવસિંહની હત્યાથી ગુજરાત કરણી સેના તેમજ સમગ્ર કાઠી ક્ષત્રીય સમાજ દુઃખની લાગણી અનુભવે છે. આ તકે સુખદેવસિંહની હત્યાને વખોડી કાઢે છે. તેમજ જયપુર પોલીસ તાત્કાલિક એ હત્યારાઓને પકડે કડકમાં કડક સજા કરે તેવી સમગ્ર કાઠી સમાજ વતી વડિયા કુંકાવાવ કાઠી ક્ષત્રિય સમાજના સુખાભાઈ વાળા દ્વારા આક્રોશ સાથે જણાવે છે.

તમારા બે પેટ્રોલપંપ મંજૂર થઈ ગયાં છે' કહીં વેપારી સાથે રૂ.૫૧ હજારની છેતરપીંડી

રાજકોટ,તા.૮

તમારા બે પેટ્રોલપંપ મજૂર થઈ ગયાં છે કહીં ધરમનગરમાં રહેતાં અવી મકવાણા નામના વેપારી સાથે ભારત પેટ્રોલિયમના અધિકારીની ઓળખ આપી ગઠિયાએ રૂ.૫૧ હજારની છેતરપિંડી આચર્યાની ફરિયાદ સાયબર ક્રાઇમમાં નોંધાઈ હતી.

ફરિયાદમાં અવિએ જણાવ્યું હતું કે, આમ્રપાલી અન્ડરબ્રિજ પાસે તે ઓફિસ ધરાવે છે. તેને પેટ્રોલપંપ શરૂ કરવો હોવાથી પાંચેક માસ પહેલાં ગુગલમાં ભારત પેટ્રોલિયમની સાઈટ સર્ચ કરી હતી. તેના ત્રણેક દિવસ બાદ અજાણ્યા નંબર ઉપરથી તેને કોલ આવ્યો હતો. જેમાં સામાવાળા ગઠીયાએ પોતાની ભારત પેટ્રોલિયમના અધિકારી તરીકે ઓળખ આપી હિન્દીમાં વાતચીત કરી પૂછ્યું કે, તમારે કયા લોકેશન ઉપર પેટ્રોલપંપ શરૂ કરવો છે. જેથી તેને લોકેશન જણાવતાં એક પીડીએફ ફાઈલ મોકલી હતી. જેમાં મેઈલ આઈડી પણ હતું. મેઈલ આઈડીમાં સાત ડોકયુમેન્ટ મોકલવાનું કહેતાં તેમ કર્યું હતું. સાથે પોતાના બેન્ક ઓફ ઈન્ડિયાના ખાતાનું સ્ટેટમેન્ટ પણ મોકલ્યું હતું.

બાદમાં ત્રણેક દિવસ બાદ તેજ ગઠીયાએ તેને કોલ કરી ડોક્યુમેન્ટ વેરીફાઈ થઈ ગયાનું અને પેટ્રોલપંપની મંજુરી મળી ગયાનું કહી, મેઈલ આઈડીમાં જે બેન્ક ખાતાની ડિટેઈલ આવે તેમાં ડિપોઝીટ પેટે રૂ.૨૫૫૦૦ જમા કરાવવાનું કહ્યું હતું. જેથી તેણે બેન્કે જઈ આરટીજીએસથી ગઠીયાએ કહેલા બેન્ક એકાઉન્ટમાં રૂ.૨૫૫૦૦ મોકલી આપ્યા હતા.

ત્યારબાદ તેણે ગઠીયાને કોલ કરી કહ્યું કે, તેને એક પેટ્રોલપંપની જ મંજુરી મળી છે. જયારે વાસ્તવમાં તેણે બે પેટ્રોલપંપ માટે અરજી કરી હતી. જેથી ગઠીયાએ બીજા પેટ્રોલપંપના લોકેશનની વિગતો મંગાવી હતી. તેની માસી નિશાબેન જગદિશભાઈ વાઘેલાના નામની બીજી અરજી કરી હતી. જેથી તેના ડોક્યુમેન્ટ અને બેન્ક સ્ટેટમેન્ટ પણ ગઠીયાને મોકલી આપ્યું હતું. એટલું જ નહીં તેની માસીના મેઈલ આઈડીમાં જણાવેલા ખાતામાં રૂ.૨૫૫૦૦ આરટીજીએસથી મોકલી આપ્યા હતા.ગત ૩૦ સપ્ટેમ્બરના રોજ તેને ફરીથી મેઈલ આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે, તમારા પેટ્રોલપંપ મંજુર થઈ ગયા છે, જેના માટે તમારે રૂ.૧.૦૭ લાખ ભરવા પડશે. જોકે આ મેઈલ આવ્યા બાદ તેને શંકા જતાં લીમડા ચોકમાં આવેલી ભારત પેટ્રોલિયમની ઓફિસે રૂબરૂ જઈ તપાસ કરતાં તેના અધિકારીઓએ જણાવ્યું કે, તેની કંપની તરફથી આવી કોઈ વિગતો મોકલવામાં આવતી નથી. આ રીતે છેતરાઈ ગયાનો અહેસાસ થતાં સીઆઈડી ક્રાઈમના હેલ્પ લાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી પીઆઇ બી.ટી. અકબરીએ વધું તપાસ હાથ ધરી હતી.

શ્રી કોળી સેના, ગુજરાતના પ્રવકતા વિનોદ નાગાણીના જન્મદિવસે

મંત્રી કુંવરજી બાવળિયા, પરષોતમ સોલંકી અને ભુપત ડાભીની રકતતુલા કરાશે

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે પધારેલા વિનોદભાઈ નાંગાણી, હિરેનભાઈ ડાભી, મુકેશભાઈ મેર, વક્ષભભાઈ પરમાર, મયુરભાઈ પરનાબિયા, મયુરભાઈ વજકાણી, કેતનભાઈ કુંમરખામીયા, દેવાંગભાઈ કુકાવા, રાજુભાઈ શાપરા, પ્રવિણભાઈ બાવળીયા, ગોરધનભાઈ ચૌહાણ, કૈલાશભાઈ વાઘીયા, મયુરભાઈ નાંગાણી તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

શ્રીમાંધાતા ગૃપ ગુજરાત અને કોળી સેના ગુજરાતનાં પ્રવકતા વિનોદભાઇ નાગાણીના જન્મદિવસ નિમિતે તા. ૧૦ ડિસેમ્બરને રવિવારે સવારે ૮.૩૦ થી સાંજે ૪ સુધી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ ગ્રાઉન્ડ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે મહા રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન બપોરે ૧૧.૩૦ કલાકે ભોજન સમારંભનુ આયોજન પણ પ્રયોજવામાં આવ્યુ છે. મહા રકતદાન થકી એકત્રિત થયેલા સેંકડો યુનિટ બ્લડથી કુંવરજીભાઇ બાવળીયા (રાજયનાં પાણી પુરવઠા, જળ સંપતિ મંત્ર), પરસોતમભાઇ સોલંકી (મંત્રી મત્સ્ય ઉદ્યોગ) અને ભુપતભાઇ ડાભી (માજી ચેરમેન, કોળી ઠાકોર વિકાસ નિગમ) ની રકત તુલા કરવામાં આવશે.

આ મહા રકતદાન કેમ્પનુ ઉદઘાટન પરમપુજય ગુરુજી (વિજય શાસ્ત્રીજી)-ગજાનન આશ્રમ માલસર), મહંત શ્રી રૂષી ભારતી (ભારતી આશ્રમ સરખેજ), મહંત શ્રી પ્રેમબાપુ (સતરંગ જગ્યા-જસદણ), મહંત શ્રી વાલજી ભગત (કાળાસર જગ્યા), મહંત શ્રી મોહનભગત (આણંદપર જગ્યા), મહંત શ્રી કમલનાથબાપુ (વેલનાથ સમાધી, ખડખડ) નાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરશે આ અવસરે રામભાઇ મોકરીયા (સાંસદ રાજયસભા), કેશરીસિંહ ઝાલા (સાંસદ રાજયસભા), રમેશભાઇ ધડુક (સાંસદ-પોરબંદર), ભાનુબેન બાબરીયા (કેબિનેટ મંત્રી), ધારાસભ્યો ઉદયભાઇ કાનગડ, રમેશભાઇ ટીલાળા, દર્શિતાબેન શાહ, કાળુભાઇ ડાભી (ધારાસભ્ય ધંધુકા), ઉમેશભાઈ મકવાણા (ધારાસભ્ય-બોટાદ), શામજીભાઇ ચૌહાણ (ધારાસભ્ય ચોટીલા), જીતુભાઇ સોમાણી (ધારાસભ્ય વાંકાનેર), હિરાભાઇ સોલંકી (ધારાસભ્ય જાફરાબાદ), અલ્પેશભાઇ ઢોલરીયા (પ્રમુખ જિલ્લા ભાજપ), મુકેશભાઇ દોશી (પ્રમુખ રાજકોટ શહેર ભાજપ), ગોવિંદભાઈ પટેલ (માજી મંત્રી), ચેતનભાઇ રામાણી (આગેવાન

વિનોદભાઈ નાંગાણી

ભાજપ), ડી.પી. મકવાણા (આગેવાન કોળી સમાજ), હેમલબેન વ્યાસ (પ્રિન્સીપલ ડી.એચ. કોલેજ), પ્રોફેસર પુજાણી (ડી.એચ. કોલેજ), પ્રો. ભારદ્વાજ (ડી.એચ. કોલેજ). નટુભાઇ કુવરીયા (આગેવાન કોળી સમાજ), કે.એફ. બલોળીયા (એસ.પી. બોટાદ) સહિતનાં મુખ્ય મહેમાનો ઉપસ્થિત રહેશે.આ અવસરે કોળી સમાજ સહિત સમસ્ત ઓબીસી સમાજને સંબંધિત એક મહત્વની

કોળી તથા સમસ્ત ઓબીસી સમાજના વ્યાપક હિતાર્થે મહત્વની જાહેરાત થશે

જાહેરાત કરવામાં આવનાર છે. જે મુજબ કોળી સમાજના કૂળદેવી માં ચામુંડા તથા કોળી સમાજના આરાધ્યદેવ શ્રી વિર માંધાતાજીનાં આર્શિવાદથી એક રથ યાત્રા આવનારા દિવસોમાં રાજયનાં એવા જિલ્લા-તાલુકાઓમાં ફરી વળશે જયાં કોળી સમાજની બહુસંખ્યક વસ્તિ હોય. રાજયનાં તમામ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોનાં છેવાડે સામાજિક ઉત્થાનનું કાર્ય કરનાર, વિવિધ ક્ષેત્રમાં અનન્ય પ્રદાન કરનાર કોળી સમાજનાં શ્રેષ્ઠ રત્નોને શોધી તેમની પ્રતિભા અને કાર્યોને બિરદાવવાનો આ રથયાત્રાનો મુખ્ય ઉદેશ રહેશે.

વિનોદભાઈ નાગાણીએ જણાવ્યુ હતુ કે આ પ્રસ્તાવિત રથયાત્રા સમાજ શ્રેષ્ઠીઓને શોધી-શોધીને તેમની પ્રતિભાનો લાભ એકાદ વિસ્તાર પુરતો શિમિત ન રહેતા વ્યાપકપણે તેમની પ્રતિભા-સેવાનો લાભ મળશે. આવા તમામ સમાજ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં કોઇ એક ગામમાં સમાજનુ મહા સંમેલન કરવામાં આવશે. આ સમારોહ કોળી સમાજ સહિત સમસ્ત ઓ.બી.સી. માટે પ્રેરણાદાયી બનશે અને સમાજ વધુ સંગઠીત બનશે.

રવિવારે ડી.એચ. કોલેજનાં ગ્રાઉન્ડમાં આયોજીત મહા રકતદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતદાન કરવા માટે વિનોદભાઇ નાગાણીએ કોળી સમાજ સહિત અન્ય તમામ સમાજનાં લોકોને જાહેર અપીલ કરી છે. ઉકત રકતદાન કેમ્પ અને રકતતુલા કાર્યક્રમ સંબંધીત કોઇપણ વિશેષ માહિતી માટે ૯૭૧૪૦૮૦૧૯૪ નો સંપર્ક કરવા તેઓએ જણાવ્યુ છે.

સ્વ.અભયભાઈ ભારદ્વાજની સ્મૃતિમાં પરિસંવાદનું આયોજન

કાલે ધર્મેન્દ્રસિંહ કોલેજ ખાતે કરાયું આયોજન

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે આવેલા અંશ ભારદ્વાજ (એડવોકેટ), ચંદ્રેશ પટેલ (એડવોકેટ), પ્રશાંત પટેલ (સરકારી વકીલ) તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

સૌરાષ્ટ્ર ક્રાંતીની મુલાકાતે પધારેલા અંશ ભારદ્વાજ (એડવોકેટ)એ જણાવ્યું હતું કે,ગુજરાતના પ્રખર ધારાશાસ્ત્રી, વિદ્યાર્થી ભારયાજ કાર્યકર્તાથી લઈને રાજ્યસભાના સાંસદ સુધીની સંઘર્ષમય યાત્રા કરનાર, લો કમિશન ઓફ ઇન્ડિયાના સભ્ય, સમાજીક જીવનના તેજસ્વી અગ્રણી, શ્રદ્ધેય અભયભાઈ ગણપતરામ ભારદ્વાજજીની સ્મૃતિને ચિરંજીવી બનાવવા એક ભગીરથ કાર્યને સફળ કરવાના અર્થે શ્રી અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝનો પ્રારંભ છેલ્લા ત્રણ વર્ષથી સ્વર્ગીય અભયભાઈની સ્મૃતિમાં કરવામાં આવે છે. અભયભાઈએ પોતાના જીવનકાળ દરમિયાન કાયદા જગત સાથે સંકળાયેલ અનેકો ધારાશાસ્ત્રીઓ અને વ્યક્તિવિશેષોને પોતાના હાથ હેઠળ જીવનમાં આગળ વધારી કાયદાથી અવગત કરાવ્યા છે. અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝના માધ્યમથી છેલ્લા ત્રણ વર્ષથી કાયદાના અલગ અલગ વિષયના તજજ્ઞોને આમંત્રિત કરી વકીલોને તેમજ કાયદાના વિદ્યાર્થીઓને કાયદા સંદર્ભિત માહિતી આપવામાં આવે છે. આ લેક્ચર સિરીઝમાં કાયદા જગતના વિવિધ આયામો પૈકી કોઈ એક વિષયને પસંદ કરી અને તે વિષય ઉપર આ લેક્ચર સિરીઝ અતંર્ગત અર્થપૂર્ણ ચર્ચા થાય છે. લેક્ચર સિરીઝ દ્વારા ખાસ કરીને નીતિ નિર્ધારણમાં આ બાબતો ઉપયોગી થઈ શકે તે ઉદ્દેશ્ય સાથે આ વર્ષ અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝ અંતર્ગત ''યુનિફોર્મ સિવિલ કોડ'' (સમાન નાગરિક ધારા)ના મહત્વપૂર્ણ વિષય ઉપર ટ્રાયલ કોર્ટમાં પ્રેક્ટિસ કરનાર વકીલો માટે તા. ૯/૧૨ને શનિવારના રોજ સ્વ. અભયભાઈની સ્મૃતિમાં ધર્મેન્દ્રસિંહ કોલેજ ખાતે સિમ્પોસિયમ (પરિસંવાદ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારત સરકારે રાષ્ટ્રની ગરિમા અને બંધારણને આધીન કાયદાકીય નિર્ણયો જેવા કે અનુચ્છેદ ૩૭૦નું વિલોપન, ટ્રીપલ તલાકની નાબૂદી અને ક્રિમીનલ મેજર એક્ટસની પુનઃરચના જેવા અતિ મહત્વપૂર્ણ નિર્ણયો લીધેલ છે. તાજેતરમાં ભારત સરકારે યુનિફોર્મ સિવિલ કોડને ઘડવા અને તેને અમલ કરવાની તેની બંધારણીય ફરજને નિભાવવા અભૂતપૂર્વ ઈચ્છાશક્તિ પ્રગટ કરી છે, જેના ભાગરૂપે ભારત સરકારના કાયદા મંત્રાલયે કાયદાપંચના માધ્યમથી યુનિફોર્મ સિવિલ કોડને ઘડવા અને તેને અમલ કરવાના હેતુસર તેના મુસદ્દા તૈયાર કરવા અંગે જાહેરાત પ્રસિદ્ધ કરી છે. જે અંતર્ગત ભારતના નાગરિકોને યુનિફોર્મ સિવિલ કોડ વિશે પોતાના સૂચનો આપવા આવહાન કરવામાં આવ્યું છે.

ભુતકાળમાં કોઈ કાયદાને ઘડવામાં આવતો હતો ત્યારે સુપ્રીમ કોર્ટ તેમજ વિવિધ હાઇકોર્ટોના ન્યાયાધીશો અને તે કોર્ટોમાં પ્રેક્ટિસ કરતાં ધારાશાસ્ત્રીઓનો અભિપ્રાય લેવામાં આવતો હતો, પરંતુ ટ્રાયલ કોર્ટ કે જ્યાં તે કાયદાનું વાસ્તવિક અમલીકરણ થવાનું છે ત્યાં પ્રેકટીસ કરતાં ધારાશાસ્ત્રીઓનો તેમજ નાના સેન્ટરોના એકેડમિશનો અભિપ્રાય લેવામાં આવતો ન હતો. જો કે વર્તમાન ભારત સરકારે તે જુની પધ્ધતિ નાબુદ કરી છે. કાયદાતંત્ર સાથે સંકળાયેલ દરેક વ્યકિતના અભિપ્રાયને પ્રાધાન્ય આપતા કાયદો ઘડાય તે પહેલા જાહેર સરકર્યુલરો પ્રસિધ્ધ કરી અને જાહેર જનતા તરફથી સુચનો માંગ્યા છે. યુનીફોર્મ સિવિલ કોડના વિષય અંતર્ગત પણ ભારત સરકારે કાયદાપંચના માધ્યમથી સરકર્યુલર પારિત કરી અને જાહેર જનતા પાસે અભિપ્રાય માંગેલ છે. જેના અનુસંધાને હાલના આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કાયદાપંચમાંથી તેમજ સરકારની અલગ અલગ સંસ્થાઓમાંથી પ્રતિનીધીઓ હાજર રહી અને રાજકોટના ટ્રાયલ કોર્ટના ધારા શાસ્ત્રીઓ તેમજ એકેડેમિશ્યનોના યુનિફોર્મ સિવિલ કોડને લાગતા વળગતા અભિપ્રાયો સાંભળવા ખાસ હાજર રહેવાના છે.અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝ અંતર્ગત યુનિફોર્મ સિવિલ કોડ જેવા અત્યંત મહત્વપૂર્ણ વિષય ઉપર સૌરાષ્ટ્રના ન્યાયાવિધો, ધારાશાસ્ત્રીઓ તેમજ કાયદાના તજજ્ઞો દ્વારા એક અર્થપૂર્ણ સંવાદ થાય તમેજ વૈચારિક પ્રબોધનની પ્રક્રિયા વધુ વ્યાપક બની શકે તેવા હેતુથી આ પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝ દ્વારા આ વર્ષ ટ્રાયલ કોડના એડવોકેટ માટે પરિસંવાદનું આયોજન તા. ૯/૧૨ને શનિવારના રોજ અભયભાઈની સ્મૃતિમાં થઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં (ડો.) જસ્ટિસ અશોકકુમાર સી. જોષી, પૂર્વ ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ, પ્રફુલભાઈ. જી. ગોકાણી, પૂર્વ ડિસ્ટ્રીક્ટ જજ, સોમનાથ-વેરાવળ, પ્રોફેસર (ડો.) બિમલભાઈ એન. પટેલ, સભ્ય - ઇન્ટરનેશનલ લો કમિશન, યુનાઇટેડ નેશન્સ, પ્રોફેસર (ડો.) મહેન્દ્રભાઈ પાડલીયા, ધારાસભ્ય તેમજ પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને લલિતસિંહ શાહી, પ્રમુખ, રાજકોટ બાર એસોસિએશન સાથે વિવિધ વિષયના તજજ્ઞો ઉપસ્થિત રહેવાના છે, જેઓની સાથે ટ્રાયલ કોર્ટના વકીલો યુનિફોર્મ સિવિલ કોડ સંદર્ભે પરિસંવાદ કરશે. સંપૂર્ણ આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કમલેશભાઈ જોષીપૂરાના નેતૃત્વ હેઠળ થઈ રહયુ છે.

આ સંપૂર્ણ લેક્ચર સિરીઝનું આયોજન ટ્રાયલ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલો માટે કરવામાં આવ્યું છે, તો સર્વે ટ્રાયલ કોર્ટના વકીલોને પધારવા આમંત્રણ છે. તા. ૯/૧૨ના રોજ સવારે ૯ કલાકે શુભ આરંભ થશે અને સાંજ સુધી કાયદાના એક મહત્વના વિષય પર તજજ્ઞો અને ધારાશાસ્ત્રીઓ અભય ભારદ્વાજ મેમોરિયલ લેક્ચર સિરીઝના મંચ પર સાથે મળી પરીસંવાદ કરશે. કાર્યક્રમમાં પ્રવેશ ફકત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવેલ હોય તેને અને જેઓને વિશેષ આમંત્રણ પાઠવવામાં આવ્યુ હોય તે વ્યકિતઓને જ મળવા પાત્ર છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન હાલ બંધ કરી દેવામાં આવેલ છે.

એડિશનલ ચીફ એન્જીનિયરને પત્ર લખી રજૂઆત કરતા રોહિત રાજપૂત

૧૦ દિવસમાં પ્રકિયા પૂર્ણ નહિ થાય તો આંદોલનની ચીમકી..!

GETCOના વિદ્યુત સહાયકની ભરતીમાં પાસ થયેલ ઉમેદવારને તત્કાલ ફરજ પર હાજર કરવા રજૂઆત કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા રોહિત રાજપૂતે એડિશનલ ચીફ એન્જીનિયરને પત્ર લખી રજૂઆત કરી હતી કે, રાજ્યસરકારના ઊર્જાવિભાગના નેજા હેઠળ આવતું **GETCO**માં ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ (વિદ્યુત સહાયક)ની ભરતી બહાર પાડવામાં આવી હતી. આ ભરતીમાં પરિક્ષા પદ્ધતિમા પ્રથમ પોલ ટેસ્ટ બાદમાં લેખીત પરિક્ષા એમ બે કસોટીઓ બાદ મેરીટ લિસ્ટના આધાર પર ભરતી થતી હોય છે. **GETCO** ના રાજ્યના અલગ અલગ ત્રણ વર્તુળોમાં રાજકોટ,ભરૂચ અને મહેસાણા વિભાગમાં આ ભરતી બહાર પાડ્યા બાદ સૌ પ્રથમ પોલ ટેસ્ટ માર્ચ-૨૦૨૩ થી તબ્બકાવાર શરૂ થયા હતા અને બાદમાં પાંચ મહીનાના સમયગાળા બાદ ગત તા. ૦૯-૦૯ના રોજ લેખીત પરીક્ષા લેવાયેલ હતી. **GETCO**માં ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની બંને પરીક્ષાઓ આપ્યા બાદ બહાર પડેલા મેરીટ લિસ્ટમાંથી તમામ વર્તુળોમાં ખાલી પડેલી જગ્યાઓ મુજબ રાજકોટ વર્તુળમાં -૬૯૧ ,ભરૂચ વર્તુળમાં-૩૮૧ અને મહેસાણા વર્તુળમાં -૧૫૨ ઉમેદવારોને પસંદગી કરવામાં આવી હતી અને તે મેરીટ લિસ્ટ ૨૭-૯ જાહેર થયેલ હતું.પાસ થયેલ તમામ ઉમેદવારોએ ઝોન મુજબ ૧૭-૧૦એ નજીકની સર્કલ ઓફિસ પર મેડીકલ ફિટનેસ સર્ટિફિકેટની જમા કરાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવતા એ પ્રકિયા પણ સૌ ઉમેદવારોએ પૂર્ણ કરેલ છે. ભરતીની સંપૂર્ણ પ્રકિયા અને મેડીકલ ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા બાદ આજદિન સુધી બે મહિનાનો સમય વીત્યા બાદ હજુ સુધી નિમણુક પત્ર આપવામાં આવ્યા ના હોવાથી પસંદગી પામેલા તમામ ઉમેદવારો ચિંતામા મુકાયા છે.

ભરતીમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોએ સબંધિત આપની **GETCO**ની અલગ અલગ વિભાગીય કચેરીઓમાં અનેક વખત રજુઆત કર્યા બાદ કોઈ સંતોષકારક જવાબો મળતા નથી.જો કે અનેક ઉમેદવારોની વાંધા અરજીઓ અને વિવાદોના કારણે આ સમસ્યા ઉભી થઈ હોય તો તત્કાલ એ પ્રશ્નોનું નિરાકરણ લાવી તત્કાલ ભરતી પૂર્ણ કરવા વિનંતિ છે. આ રજૂઆતની ગંભીરતા ધ્યાનમાં રાખી દિવસ ૧૦માં પ્રકિયા પૂર્ણ કરવામાં નહિ આવે તો ઉમેદવારોને સાથે ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.આ રજુઆતમાં વિદ્યુત સહાયકમાં પસંદગી પામેલા સો જેટલા ઉમેદવારો ,કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂત,ગજાઈ પ્રદેશ મહામંત્રી અભિરાજ તલાટીયા,જીત સોની,યશ ભીંડોરા સહીત જોડાયા હતા. તેમ જણાવ્યું છે.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ દ્વારા

ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૨૪ ધંધાર્થિઓની ચકાસણી

૭ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સુચના અપાઈ,ખાદ્યચીજોના ૧૭ નમુનાની સ્થળ પર ચકાસણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે શહેરના રાજનગર ચોક થી માયાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૪ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૭ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૭ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

ચકાસણી કરેલ ધંધાર્થીઓની વિગત ફૂડ વિભાગની ટીમ તથા **FSW** વાન સાથે રાજનગર ચોક થી માયાણી ચોક વિસ્તારમાં આવેલ (૦૧)શિવ ચાઈનીઝ પંજાબી - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)શિવ છોલે ભટુરે -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)ડીલકસ દાળપકવાન -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)જય બાલાજી ખમણ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)જલારામ ગાંઠિયા - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)પટેલ ઘૂઘરા -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)શિવાંશી પાણીપુરી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા (૦૮)બાલાજી સાઉથ ઇન્ડિયન (૦૯)જલારામ દાળપકવાન (૧૦)શ્રી ગણેશ મદ્રાસ કાફે (૧૧)શ્રીરામ આઈસ્ક્રીમ (૧૨)જય હો કાઠિયાવાડી (૧૩)જય સરદાર રેસ્ટોરેન્ટ (૧૪)સદગુરુ ગાંઠિયા (૧૫)આનંદ ભોજનલાય (૧૬)રાજ ખોડલ ઢોસા (૧૭)લીંબુ સોડા (૧૮)ખોડલ ભેળ (૧૯)હરી ઓમ ઢોસા (૨૦)પટેલ ફાસ્ટ ફૂડ (૨૧)શ્રી હરી ભોજનાલાય (૨૨)પ્રિન્સ શીંગ ચીકી (૨૩)પટેલ રેસ્ટોરેન્ટ (૨૪)સંતોષ ડેરી ફાર્મની ચકાસણી કરવામાં આવેલ.

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા 'સાત્વિક આહાર' વેબીનાર શ્રેણીનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૮

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન - રાજકોટ દ્વારા 'સાત્વિક આહાર' વેબીનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. વેબીનારમાં આયુર્વેદાચાર્ય ડો. હિતેશ જાની 'શિયાળાની ઋતુ - શાકભાજી અને સલાડ ની ઋતુ' વિષય પર માર્ગદર્શન આપશે. આયુર્વેદાચાર્ય ડો. હિતેશ જાની ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર (ગુજરાત)નાં સ્થાપક, આયુર્વેદ ચિકિત્સક, પંચકર્મ ફેકલ્ટી, તાલીમ નિષ્ણાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)**નાં પ્રશિક્ષિત સ્વયંસેવક, બી.જે.પી ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્ય સચિવ, જામનગર જિલ્લાનાં રોટરી ક્લબનાં ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને ૪ દાયકાથી વધુનો ક્લિનિકલ અનુભવ છે. તેઓ પરંપરાગત આયુર્વેદ નાડી પરિક્ષણનાં નિષ્ણાંત છે. તેમણે આયુર્વેદ પંચગવ્ય અને ગર્ભવિજ્ઞાન પર વિસ્તૃત સંશોધન કર્યું છે. ડો. હિતેશ જાનીએ તેમની કારકિર્દી દરમિયાન આજ સુધી ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવ-ાર કરી છે. તેમણે પોતાના જીવનમાં ગૌ વિજ્ઞાન, ગર્ભ વિજ્ઞાન, લોકાર્યુવેદ જેવા વિષયોનું જ્ઞાન લોકોને આપ્યું. તેમણે આયુર્વેદ સંબંધિત ઘણા પુસ્તકો લખ્યા છે તેમજ ઘણા પબ્લિકેશન તેમના આર્ટીકલ નિયમિતપણે છાપે છે. તેમને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર, સ્વર્ગીય મોરોપંત પિંગળે ગૌસેવા પુરસ્કાર, શંકરાચાર્યજી દ્વારા ગૌચતુર્માસ પુરસ્કાર, આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે લાયન્સ ક્લબ દ્વારા આયુર વિકાસ એવોર્ડ સહિતનાં સન્માનો પ્રાપ્ત થયા છે. લાઈવ દરમ્યાન ડો હિતેશ ભાઈ જાની દર્શકો ને પ્રશ્નોના જવાબ પણ આપશે. વેબિનારનું આયોજન ૯ ડીસેમ્બર, શનિવારનાં રોજ રાત્રે ૯ વાગ્યે રાખવામાં આવ્યો છે. વેબિનાર એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પેઈજ 'એનીમલ હેલ્પલાઈન - કરુણા ફાઉન્ડેશન' તેમજ યુ ટ્યુબ ચેનલ 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન રાજકોટ' પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ વેબિનારમાં જોડાવવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈનનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઇ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

રાજ્યમાં ૬૨૦થી વધારે સિંહે ૩ વર્ષમાં ૫.૩૭ લાખ ઉપરાંત જાનવરોનો શિકાર કર્યો

માણસની પેશકદમીથી ગીરની અંદરથી સિંહ ખોરાકની શોધમાં બહાર નીકળ્યાઃ પ્રવાસીઓ માટે થતા લાયન-શોને કારણે સિંહે સ્વાદ બદલ્યો, હવે વજનવાળા પશુનું મારણ વધ્યું, સંરક્ષિત વિસ્તાર-અભયારણ્યની બહાર ૫૧ ટકા જંગલી અને ૪૨ ટકા ઘરેલુ પશુધનનો શિકાર !

રાજકોટ.તા.૮

ગુજરાતના સાસણ ગીરમાં એશિયાટિક સિંહના વસવાટ ધરાવતા જંગલોમાં વધતી માનવીય દખલને કારણે ખોરાકની શોધમાં પોતાના ક્ષેત્રોમાંથી સિંહ બહાર નિકળી રહ્યા છે. રાજ્યના વન વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના સંસોધકોની ટીમ દ્વારા કરાયેલા અભ્યાસના અહેવાલમાં સિંહની પ્રજાતિ હવે સંરક્ષિત ગીર અભયારણ્યની બહાર ૫૧ ટકા જંગલી જાનવરો અને ૪૨ ટકા ઘરેલુ પશુધનનો શિકાર કરીને પેટ ભરી રહ્યાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. આ તરફ ભારત સરકારે ગુરૂવારે જાહેર કરેલા અહેવાલમાં ત્રણ વર્ષમાં ૬૨૦થી વધુ સિંહે પોતાનું પેટ ભરવા ૫.૩૭ લાખ ઉપરાંત શાકાહારી જાનવરોનો શિકાર કર્યાનું સ્વિકાર કર્યુ છે.સિંહના ખોરાક-સ્વાદમાં આવેલા બદલાવ પાછળ જંગલમાં માણસજાતની પેશકદમી ઉપરાંત સાસણ ગીરની આસપાસના ગ્રામિણ વિસ્તારોમાં ગેરકાયદે થતા લાયન- શો પણ જવાબદાર છે. પ્રવાસીઓને આકર્ષવા થતા ગેરકાયદે સિંહ દર્શનને નામે વધુ વજન ધરાવતા ઘરેલુ પશુને મારણ તરીકે નાંખવાના વર્ષોથી ચાલી રહેલા પ્રયોગોને કારણે આવો બદલાવ નોંધાયો છે. જે સાસણ ગીર અને આસપાસના જંગલ, પર્યાવરણ તેમજ માનવજીવન માટે પણ ખતરનાકપણે ઘાતક સાબિત થશે. ભારત સરકારના પર્યવારણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે ગુજરાત સરકારના વન વિભાગે સિંહના ખોરાક, શિકાર માટે અંદાજીત શાકાહારી જાનવરોનો આંકડો જાહેર કર્યો છે. ગુરૂવારે જાહેર થયેલા અહેવાલ મુજબ પાંચ વર્ષ પૈકી વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડ-૧૯ની મહામારીને કારણે સિંહના શિકાર અંગે કોઈ અંદાજ નક્કી થયો નથી. પરંતુ, વર્ષ ૨૦૧૮માં ૧,૪૯,૩૬૫ શાકાહારી જાનવરોનો સિંહ દ્વારા શિકાર થયો હતો. પછીના વર્ષે ૧,૯૬,૧૦૯ અને છેલ્લે વર્ષ ૨૦૨૨માં ૨,૨૦,૪૦૬ શાકાહારી જાનવરોનો શિકાર થયો છે.

આ તરફ સંસોધન ટીમે પોતાના અભ્યાસમાં કહ્યુ છે કે, સિંહો સંરક્ષિત વિસ્તારની અંદર ૭૪ ટકા જંગલી પ્રજાતિઓનો શિકાર કરીને ખોરાક મેળવે છે જ્યારે ૨૬ ટકા સ્થાનિક (નેસડામાં રહેતા) પશુધનનો શિકાર કરે છે. જ્યારે સંરક્ષિત અર્થાત અભયારણ્યની બહારના વિસ્તારોમાં ૫૧ ટકા જંગલી પશુઓનો શિકાર થાય છે અને ૪૨ ટકા ઘરેલુ પશુધનનો શિકાર કરીને ખોરાક મેળવે છે. ઉલ્લેખનિય છે કે, સિંહની વર્ષ ૨૦૨૦ની છેલ્લી વસ્તી ગણતરીના પુન અવલોકન મુજબ ગુજરાતમાં સિંહની સંખ્યા ૬૭૪ થઈ છે. જેમાં માદા સિંહની સંખ્યા ૩૦૯ અને ૨૦૬ નર સિંહની સંખ્યા છે.૪૫ કિલોના હરણ ખાનારા સિંહ ૧૫૦ કિલોની ભેંસનો શિકાર કરતા થઈ ગયાવન વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના સંશોધકોની ટીમે નોંધ્યુ છે કે, એશિયાટિક સિંહો હવે વધુ વજન ધરાવતા પશુધનનો શિકાર કરવા લાગ્યા છે. એક સમયે ૧૨ કિલોના ચાર સિંગડાવાળા કાળિયાર, ૪૫ કિલોના હરણ, ૩૨ કિલોના જંગલી ડુક્કરનો શિકાર કરતા સિંહ હવે જંગલની અંદર ૧૩૦ કિલોના સાબર અને ૧૮૦ કિલોની નીલગાય પણ ફાડી ખાય છે. જંગલની બહાર જ્યાં માનવ સમુદાય રહે છે તેવા બિનસંરક્ષિત વિસ્તારોમાં ગાય- ભેંસ જેવા પાળતુ પશુઓને પણ શિકાર કરીને ખોરાકમાં લઈ રહ્યા છે. જેનું વજન ૧૫૦ કિલો પણ હોય છે. સિંહ સંરક્ષિત વિસ્તારોમાં ૧૨ પ્રજાતિ અને બહારના એરિયામાં ૧૧ પ્રજાતિઓ ખાય છે.

૫ વર્ષમાં રસ્તાની જાળવણી-વિકાસ પાછળ ૩,૪૪૩ કરોડ વપરાયા

ગુજરાતમાં એક વર્ષમાં ૩૦૦ કિલોમીટર લંબાઈના નેશનલ હાઈવે ખખડધજ થયા

વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૮ કિલો મીટર લંબાઈના રસ્તાને નુકસાન થયું હતું

અમદાવાદ.તા.૮

ગુજરાતમાં વરસાદ સહિત વિવિધ કારણસર નેશનલ હાઈવે બિસ્માર બની રહ્યા છે, કોન્ટ્રાક્ટરોના કામની ગુણવત્તા સામે પણ સવાલો ઊઠી રહ્યા છે, કારણ કે ખરાબ રસ્તાની લંબાઈમાં સતત વધારો થયો છે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અરસામાં ૩૦૪ કિલો મીટર લંબાઈના રસ્તા બિસ્માર બન્યા છે, જે અગાઉના વર્ષોમાં ૨૦૦ કિ.મી. આસપાસ રહેતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં નેશનલ હાઈવેની જાળવણી અને વિકાસ પાછળ રૂ. ૩,૪૪૩ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, કેન્દ્રીય સડક પરિવહન મંત્રાલયે આ બાબતની કબૂલાત કરી છે.ગુજરાતમાં નેશનલ હાઈવેના ખખડધજ રસ્તાઓના કારણે વાહન ચાલકોને નાહકની પરેશાની વેઠવી પડે છે, વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૮ કિલો મીટર લંબાઈના રસ્તાને નુકસાન થયું હતું, એ જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૯૦ કિ.મી, ૨૦૨૦-૨૧માં ૧૯૫ કિ.મી., ૨૦૨૧-૨૨માં ૨૨૨ અને ૨૦૨૨-૨૩માં ૩૦૪ કિ.મી. લંબાઈના રસ્તાને નુકસાન થયું હતું. એકંદરે ખખડધજ થઈ રહેલા રસ્તાઓનો વિસ્તાર વધ્યો છે. આ રસ્તાઓની જાળવણી માટે તાડબતોબ કામ કરવામાં આવતું હોવાનો તંત્રનો દાવો છે. છેલ્લે વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતને રસ્તાઓની જાળવણી અને વિકાસ માટે ૯૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જે પૈકી ૬૯૬ કરોડનો ખર્ચ થયો હતો. આ અગાઉ વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૦૦ કરોડની ફાળવણી થઈ હતી જ્યારે ૮૧૦ કરોડ વપરાયા હતા. તંત્રના દાવા પ્રમાણે રસ્તાઓની જાળવણી માટે સમયાંતરે સ્થિતિની સમીક્ષા કરાય છે, નેશનલ હાઈવે પર ટ્રાફિક નિયમન જળવાય તે માટે કામગીરી કરાતી હોય છે, જુદા જુદા કારણસર જે ખામીઓ હોય તેમાં સુધારો કરી, પાણીના નિકાલની સિસ્ટમ વગેરે જેવા કામ થઈ રહ્યા છે, રોડની ડિઝાઈન વખતે આ બાબતોનું ધ્યાન રખાઈ રહ્યું છે. માર્ગોની જાળવણી હવેથી જે તે એન્જસીને સુપરત કરાઈ રહી છે.

કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવાના પ્રોજેકટની કામગીરી ૫૮ માસ પછી પણ અધ્ધરતાલ

નાકરાવાડીનો વેસ્ટ-વે એનર્જી પ્રોજેકટ વિલંબમાં મુકાતા મ્યુ. કોર્પો.ને ૨૯ કરોડનું નુકસાન

પ્રોજેકટ વર્ષ ૨૦૨૦માં સ્થાપી બે વર્ષમાં તેમની કામગીરી પૂર્ણ કરવાની હતી

રાજકોટ, તા. ૭ :

નાકરાવાડીમાં વેસ્ટ-વે એનર્જી પ્રોજેકટ વિલંબમાં મુકાતા મ્યુનિ. કોર્પોરેશને અત્યાર સુધીમાં ૨૯ કરોડનું ભારેખમ નુકસાન થયાનું જાણવા મળ્યું છે. કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવામાં આ પ્રોજેકટ સંદર્ભે આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં કલેકટર ઉપરાંત મ્યુનિ. કોર્પોરેશન સહિત વિવિધ વિભાગો અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિ. કોર્પોરેશન આ બહુલક્ષી પ્રોજેકટ વર્ષ ૨૦૨૦માં સ્થાપી બે વર્ષમાં તેમની કામગીરી પૂર્ણ કરવાની હતી.

પરંતુ નિયત સમયમર્યાદામાં આ પ્રોજેકટની કામગીરી આગળ વધી શકી નથી. જેના પગલે મ્યુનિ. કોર્પોરેશને હાલ દૈનિક ૩.૪૦ લાખનું નુકસાન થઇ રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૨૯ કરોડની નુકસાની કોર્પોરેશને થવા પામી છે. પર્યાવરણની સમસ્યાના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા કોઇ નકકર સ્વરૂપમાં પગલા લેવામાં આવેલ ન હોવાની ફરિયાદ સાથે અગાઉ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં અનેક ડાયરેકશન આપવા છતાં તેની અમલવારી થવા પામી ન હતી.

શૈલેન્દ્રસિંહ જાડેજા નામના અરજદાર દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં આ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. નાકરાવાડીમાં હાલ મ્યુનિ. કોર્પોરેશનની પ્રદુષણની ફરિયાદના પગલે ડમ્પીંગ સાઇટ છેલ્લા લાંબા સમયથી બંધ છે. નાકરાવાડી તેમજ આસપાસના ગામોમાં પ્રદુષણ અને રોગચાળાની ફરિયાદને લઇને તાબડતોબ આ ડમ્પીંગ સાઇટ બંધ કરવામાં આવી હતી. દરમ્યાન નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની ગાઇડલાઇન મુજબ નાકરાવાડીમાં વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટનું કામ હંજર બાયોટેક કંપનીને સોંપવામાં આવેલ હતું. પરંતુ આ કામ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું હતું.પરંતુ તેને આજે ૫૮ માસ વિતવા છતાં આ પ્રોજેકટ હજુ પૂર્ણ થઇ શકયો નથી.

જેના પગલે મ્યુનિ. કોર્પોરેશને ૨૯ કરોડનું નુકસાન થવા પામેલ છે. નાકરાવાડીની ડમ્પીંગ સાઇટ અને પ્રદુષણના મુદ્દે મ્યુનિ. કોર્પોરેશને અત્યાર સુધીમાં આઠ જેટલી નોટીસો આપવામાં આવી છે. તેમજ અગાઉ કોર્પોરેશનને આ મામલે દંડ પણ ફટકારવામાં આવેલ હતો. પરંતુ આ પ્રોજેકટ હજુ પૂર્ણ થઇ શકયો નથી. આ અંગે આજે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા કલેકટર કચેરી ખાતે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી જેમાં આ પ્રોજેકટની અધ્ધરતાલ લટકેલી કામગીરીની વિગતો મેળવવામાં આવી હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

'ગ્રાહક' તરીકે ઓળખાતું ભારત હવે ઉત્પાદક બન્યું : મંત્રી રાજીવ ચંદ્રશેખર

નવી દિલ્હી.તા.૮

સ્ટાર્ટ અપ કોન્ક્લેવના ઉદઘાટન પ્રસંગે ગુરુવારે મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, એક સમયે કન્ઝુમર તરીકે ઓળખાતા ભારત દેશે છેલ્લા ૯ વર્ષમાં પ્રોડયુસર તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ દાયકો દેશમાં ડિજિટલ અને ટેકનોલોજી ક્રાંતિનો છે, વર્ષ ૨૦૨૬ સુધીમાં દેશની જીડીપીનો પાંચમો હિસ્સો ડિજિટલ અર્થવ્યવસ્થાનો હશે, તેથી આ સમય સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટે શ્રેષ્ઠ સમય છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કોન્ક્લેવમાં જણાવ્યું હતું કે, ગુજરાતે ૨૦૧૬માં સ્ટાર્ટઅપ પોલિસી લાગુ કર્યા પછી રૂ.૫૦૦ કરોડની જોગવાઈ સાથે રાજ્યના યુવાછાત્રોના નવા ચાર ઇનોવેશન્સને ઉદ્યોગ એકમમાં બદલવા જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને મિકેનિઝમ પૂરું પાડયું છે તથા સર્વગ્રાહી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ડેવલપ કરી છે. આ સ્ટાર્ટઅપ કોન્ક્લેવ ગુજરાત અને દેશના યુવા સ્ટાર્ટઅપને દુનિયા સાથે જોડવા માટે તથા ઇનોવેટિવ આઇડિયાઝ-નોલેજ શેરિંગ માટે ઉત્તમ માધ્યમ બનશે.

સિવિલ હોસ્પિટલની હેલ્પ ડેસ્ક અજાણ્યા દર્દીઓની માહિતી મેળવી ડેટા રાખશે

રાજકોટ,તા.૮ ;

સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે પોલોસ ઇન્સ. એમ.આર ગોંડલીયા પ્ર.નગર પોસ્ટની સૂચનાથી **PSI** જે.જી.તરૈયા હાજર રહી અજાણ્યા પુરુષ બાબતે હેલ્પ ડેસ્કના કર્મચારીઓ કેમ? પોલીસને મદદ કરી શકે તે અંગે સંકલન મીટીંગમાં હાજર રહેલ અને આ મીટીંગમાં સુપ્રીટેન્ડ ડો.આર.એસ.ત્રિવેદી તથા **RMO** એચ.એ.દૂસરા તથા હેલ્પ ડેસ્કના કર્મચારી હાજર રહેલ અને અજાણ્યા પુરૂષ અંગે તપાસમાં મદદ મળે તે અંગે ચર્ચા થઈ. આ ઉપરાંત અજાણ્યા લોકોની જાગૃતિ અવસ્થામાં મળવી લેવા જણાવાયું હતું.

ડીગ્રી એન્જીનીયરીંગમાં ATKT સોલ્વ કરવા હવે ૪ ને બદલે માત્ર બે વર્ષ મળશે

યુજીસીની નવી માર્ગદર્શિકાઃ વિદ્યાર્થીઓને અસર થશે

અમદાવાદ,તા.૮

ડીગ્રી એન્જીનીયરીંગમાં એટીકેટી મેળવતા વિદ્યાર્થીઓને અસરકર્તા નિર્ણય યુજીસીએ લીધો છે જે અંતર્ગત એટીકેટી સોલ્વ કરવાનો સમયગાળો ઘટાડી નાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને ચારને બદલે બે વર્ષમાં જ એટીકેટી કલીયર કરવી પડશે.

યુજીસી દ્વારા ડીગ્રી એન્જીનીયરીંગના પરીક્ષા પાસના નિયમો સંબંધી નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. તેમાં એટીકેટી ધરાવતા વિદ્યાર્થીઓને મોટી અસર થાય તેમ છે. પરીક્ષામાં એકાદ-બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીનું વર્ષ ન બગડે તે માટે આગળના વર્ષમાં પ્રવેશ આપીને નાપાસ વિષયની પરીક્ષા પછી કલીયર કરવાની થતી હોય છે.

અત્યારસુધી નાપાસ વિષયની પરીક્ષા પાસ કરવા માટે ચાર વર્ષનો સમય મળતો હતો. હવે તે ઘટાડીને બે વર્ષ કરાયો છે. વિદ્યાર્થીઓમાં ફરજીયાતપણે બે વર્ષમાં એટીકેટી સોલ્વ કરવી પડશે.

સૂત્રોના કહેવા પ્રમાણે ચાર વર્ષનો સમય આપવામાં આવતો હોવાથી પરીક્ષા માટે લાંબુ આયોજન કરવુ પડતુ હતું અને સમય વેડફાતો હતો. આ મુશ્કેલી નિવારવા માટે સમય મર્યાદામાં કાપ મુકવામાં આવ્યો છે.

ગુજરાત- રાજસ્થાનમાં આ વર્ષે જીરૂનું બમણું વાવેતર, ડબલ ઉપજની ધારણા

ગત વર્ષે આવેલી ઐતિહાસિક તેજીનો હજુ વર્તાતો કરંટ : ૧૦ લાખ હેક્ટરમાં વાવેતરઃ ૫ લાખ ટનની સામે આગામી સિઝનમાં ૧૦ લાખ ટન ઉત્પાદનનો અર્થશાસ્ત્રીઓનો અંદાજ

જૂનાગઢ, : તા.૮

ગત વર્ષે જીરૂના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયા હતા. એક મણના ૧૨,૦૦૦થી વધુ ભાવ થયા હતા. જીરૂમાં આવેલી આવી અચાનક તેજીના કારણે આ વખતે જીરૂના વાવેતરમાં મોટો ઉછાળો આવ્યો છે. સમગ્ર દેશમાં સૌથી વધુ જીરૂ રાજસ્થાન અને ગુજરાતમાં થાય છે. ગત વર્ષે આ બંને રાજ્યોમાં અંદાજિત ૫ લાખ ટન જીરૂનું ઉત્પાદન થયું હતું, જેની સામે આ વર્ષે ૧૦ લાખ ટનથી વધુ થાય તેવી શક્યતાઓ કૃષિના અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે.

સામાન્ય દિવસોમાં જીરૂના એક મણના ભાવ બેથી ત્રણ હજાર રહે છે. ગત વર્ષે જીરૂના ભાવમાં અચાનક જ સતત મોટો ઉછાળો આવતો રહ્યો હતો. ધીમે-ધીમે એક મણના ૧૩,૦૦૦ સુધી ભાવ પહોંચી ગયો હતો. જીરૂના આટલા મોટા ભાવ જોઈ આ વખતે ખેડૂતોએ જીરૂનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે. ગત વર્ષે ગુજરાતમાં બે લાખ હેકટરમાં અને રાજસ્થાનમાં ત્રણ લાખ હેકટરમાં જીરૂનું વાવેતર થયું હતું. આ વર્ષે ગુજરાતમાં બે લાખથી વધી ચાર લાખ અને રાજસ્થાનનું ત્રણ લાખથી વધુ છ લાખ હેકટરમાં વાવેતર થયું છે.

હાલના સમયમાં જીરૂને અનુકુળ વાતાવરણ મળી રહ્યું છે. આગામી સમયમાં જો વાતાવરણ અનુકુળ રહે તો જીરૂનું ઉત્પાદન ૧૦ લાખ ટનથી વધુ થાય તેવો અંદાજ કૃષિ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા નક્કી કરવામાં આવી રહ્યો છે. આગામી ફેબ્રુઆરી માસની શરૂઆતથી નવા જીરૂની આવક શરૂ થઈ જાય તેવી શક્યતાઓ છે. ગુજરાતમાં એક વિઘે સારૂ વાતાવરણ મળી રહે તો ૧૦થી ૧૨ મણ જીરૂનું ઉત્પાદન થાય છે. સામાન્ય વાતાવરણ રહે તો ૬થી ૮ મણ અને ખરાબ વાતાવરણ રહે તો ૩થી ૪ મણ જીરૂનું ઉત્પાદન થાય છે. જ્યારે રાજસ્થાનમાં ગુજરાત કરતા થોડુંક ઓછું ઉત્પાદન આવે છે.

જીરૂ એ શિયાળુ પાક છે. જીરૂને ઠંડુ અને સૂકું હવામાન અનુકુળ આવે છે. જો ઠંડુ અને ભેજવાળુ વાતાવરણ થાય તો જીરૂના પાકને નુકસાન થવાની પુરેપુરી શક્યતાઓ છે. જ્યારે ઘઉંને ઠંડુ અને ભેજવાળુ વાતાવરણ માફક આવે છે. ગુજરાતના ઘણા વિસ્તારમાં જીરૂને અનુકુળ વાતાવરણ મળી રહે છે, જેના કારણે જીરૂનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. ગત વર્ષે જીરૂમાં આવેલી તેજીના કારણે આ વખતે જીરૂનો વાવેતર વિસ્તાર જ ડબલથી વધુ થઈ ગયો છે. જીરૂ તૈયાર થઈ બજારમાં આવે ત્યારે કેવું ઉત્પાદન અને કેવા બજાર ભાવ રહે છે તેના પર ખેડૂતો અને જીરૂના ધંધાર્થીઓ મીટ માંડીને બેઠા છે.

મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા

૨૧ મિલકતો સીલ, ૧૦ મિલકતોની ટાંચ જપ્તી નોટીસ, રૂ.૫૧.૩૮ લાખ રીકવરી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી, ૨૧ - મિલ્કતો સીલ, ૧૦ - મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ અને રૂા. ૫૧.૩૮ લાખ રીકવરી, વોર્ડ નં-૨ માં રેષકોર્ષ રીંગ રોડ પર આવેલ રેષકોર્ષ પ્લાઝા ફર્સ્ટ ફલોર શોપ નં-૧૦૩ સીલ મારેલ, ચેતન ડાઈનિંગ હોલના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ. ૭૫,૫૦૦ **PDC** ચેક આપેલ, વોર્ડ નં-૪ : રણછોડનગરમાં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૬૨,૦૦૦, કુવાડવા નેશનલ હાઇવે રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૦૪ લાખ, વોર્ડ નં- ૫ : કુવાડવા રોડ પર આવેલ ૨-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૭૪ લાખ, વોર્ડ નં-૬ : સંત કબીર રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૨૧ લાખ, મહીકા માર્ગ પર આવેલ ૧- યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ. ૫૦,૦૦૦, સદગુરુનગરમાં આવેલ ૨-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૭૧ લાખ, ચંપક નગરમાં ૧-યુનિટને નોટીસ આપેલ, વોર્ડ નં-૮ : નાના મોવા રોડ પર આવેલ ૨-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ. ૫.૦૬ લાખ,૧૫૦ ફીટ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૫૪,૬૫૭, કાલાવાડ રોડ પર આવેલ 'સદગુરુ શોપિંગ' ઓફિસ નં ૧ ના બાકી

માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૌ.૧.૧૨ લાખ,કાલાવાડ રોડ પર આવેલ 'સદગુરુ શોપિંગ' ઓફિસ નં ૨ ના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૧૩ લાખ. **PDC** ચેક આપેલ,કાલાવાડ રોડ પર આવેલ 'સદગુરુ શોપિંગ' ઓફિસ નં ૩ ના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૌ.૧.૧૨ લાખ,કાલાવાડ રોડ પર આવેલ ૧-યુનિટનાબાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૯૨ લાખ **PDC** ચેક આપેલ,કાલાવાડ રોડ પર આવેલ 'સાંઇ બાબા કોમ્પ્લેક્ષ' થર્ડ ફ્લોર નં ૩૦૭ સીલ મારેલ,કાલાવાડ રોડ પર આવેલ ૧-યુનિટને સીલ મારેલ,કાલાવાડ રોડ પર આવેલ 'મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ' શોપ નં ૨૧૮ ને સીલ મારેલ,નાનામોવા મેઇન રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧૩.૧૦ લાખ,વોર્ડ નં-૧૦ : ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૯૩,૧૧૧, વોર્ડ નં-૧૫ : કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટને નોટીસ આપેલ, તન્વી એકસપોર્ટ ના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧૦.૦૦ લાખ,કોઠારીયા રીંગ રોડ પર આવેલ ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૭૭,૮૬૪, વોર્ડ નં-૧૮ : કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૭૫,૦૦૦, કોઠારીયા રોડ પર આવેલ 'એશિયન કાસ્ટ'ના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૨.૫૦ લાખ.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધ્રુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

પ્રદુષણ નિયંત્રણ અર્થે બાયોડીઝલની ઉપયોગીતાના પ્રોત્સાહન માટે લોકસભા ગૃહમાં પ્રશ્ન ઉઠાવતા અમરેલીના સાંસદ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

દેશમાં પ્રદુષણ નિયંત્રણ અર્થે સ્વદેશી બળતણ બાયોડીઝલની ઉપયોગીતાના પ્રોત્સાહન અર્થે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડિયાએ લોકસભા ગૃહમાં પ્રશ્ન ઉઠાવી પોતાના વિચારો રજુ કર્યા હતા.

લોકસભા ગૃહમાં પ્રશ્નોતરી દરમિયાન સાંસદ કાછડિયા એ જણાવેલ હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ વાળી સરકાર દ્વારા દેશમાં સ્વદેશી બળતણ એટલે કે બાયોડીઝલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ઘણા પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. બાયોડીઝલનો ઉપયોગ જમીન, હવા અને પાણીના પ્રદૂષણને ઘટાડવામાં મદદ કરી શકે છે. જેનાથી સ્વસ્થ વાતાવરણ જાળવી શકાય છે અને જાહેર આરોગ્યનું રક્ષણ પણ થાય છે. તદુપરાંત બાયોડીઝલનું ઉત્પાદન એ નવી રોજગારીની તકો પૂરી પાડીને ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક વિકાસને વેગ આપી

શકે છે.

સાંસદ એ દેશમાં બાયોડીઝલના ઉત્પાદન અને વપરાશને લગતી કેટલીક સમસ્યાઓથી વાકેફ કરતા જણાવેલ હતું કે, બાયોડીઝલનું ઉત્પાદન અનેક ગ્રેડમાં થાય છે અને દરેક ગ્રેડની કિંમત અલગ-અલગ હોય છે. પરંતુ જ્યારે **OMC** કંપનીઓ બાયોડીઝલ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડે છે ત્યારે તેઓ સૌથી નીચા ગ્રેડના ભાવ રાખે છે. જેના કારણે બાયોડીઝલના ઉત્પાદકોને નુકસાન વેઠવું પડે છે. જેથી બાયોડીઝલનું ઉત્પાદન ધીમું પડી રહ્યું છે અને તેના કારણે નવા રોકાણકારો આ ક્ષેત્રમાં રોકાણ કરી શકતા નથી. તેથી ટેન્ડરમાં બાયોડીઝલના ગ્રેડ મુજબ દરો નક્કી કરવામાં આવે જેથી બાયોડીઝલ ઉત્પાદકો આ ક્ષેત્રમાં રોકાણ કરી શકે અને તેઓને આર્થિક નુકશાન ભોગવવું ન પડે.

ગેર મિશ્રિત ડીઝલના વેચાણ પર પ્રતિ લીટર ૦૨ રૂપિયા એક્સાઈઝ ડ્યુટી પેનલ્ટીની જોગવાઈ છે, પરંતુ મંત્રાલય દ્વારા તેના અમલમાં વિલંબ થઈ રહ્યો છે. જો આ ડ્યુટીને દંડ તરીકે લાગુ કરવામાં આવે તો **OMC** કંપનીઓ તેમજ ખાનગી કંપનીઓને બાયોડીઝલ ખરીદવું જરૂરી બનશે અને તેનાથી દેશમાં બાયોડીઝલને સ્વદેશી બળતણ તરીકે પ્રોત્સાહન મળશે અને સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫ ટકા બાયોડીઝલનું સમ્મીશ્રણ કરવાનો નિર્ધારિત લક્ષ્યાંક પણ પ્રાપ્ત થશે તેમ સાંસદ નારણભાઈ કાછડિયાએ લોકસભા ગૃહમાં પ્રશ્ન ઉઠાવી યોગ્ય કરવા રજૂઆત કરેલ છે.

પત્રકાર બ્રિજેશ વેગડાનો આજે જન્મ દીવસ



મોટાદડવા : યુવા પત્રકાર અને પ્રેસફોટોગ્રાફર બ્રિજેશ વેગડાનો આજે જન્મદિવસ છે. જીવનનાં ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. છેલ્લા તેર વર્ષ થી પત્રકારીત્વ ક્ષેત્રને 'મિશન' બનાવી મોટાદડવા ઉપરાંત આજુબાજુ વિસ્તારનું વિવિધ અખબારોમાં પ્રતિનિધીત્વ સંભાળી રહયા છે. નિડરતા પૂર્વક અખબારી ફરજ નિભાવી રહેલા બ્રિજેશ વેગડા ફોટોસ્ટોરીમા માસ્ટરી ધરાવે છે.જેઓનુ પત્રકારત્વની સાથોસાથ શિક્ષણ ક્ષેત્રમાં પણ આગવું પ્રદાન રહ્યુ છે. જેઓ **M.A., M.ED., L.L.B.** જેવી માનદ ડિગ્રી ધરાવે છે. હાલ તેઓ શહેરી અને ગ્રામીણ વિસ્તારની સમસ્યાને કલમના માધ્યમ થકી વાચા આપી સેવાકીય પ્રવૃત્તિ તેમજ સંસ્થાઓ સાથે સંકળાઇ વિવિધ સેવાકીય કાર્યો કરી રહ્યા છે. બહોળુ મિત્ર વર્તુળ અને ચાહક વર્ગ ધરાવતા બ્રિજેશ વેગડા ના જન્મ દિન પ્રસંગે ઢેર સારી શુભેચ્છાઓ. મોબાઇલ નંબર ૯૯૯૮૨૭૨૫૫૫

યુવાસેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા દર્દીઓ માટે નિઃશુલ્ક મેડિકલ સાધનો ઉપલબ્ધ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

યુવા સેના ટ્રસ્ટ દ્વારા ગરીબ-જરૂરીયાતમંદ દર્દી ઓ માટે અદ્યતન અને અતિ કિંમતી એવા વિવિધ પ્રકારના નિઃશુલ્ક મેડિકલ સાધનોની સુવિધા સ્વ. ભરતભાઈ હેતલભાઈ મહેતા ના સ્મરણાર્થે હ. કુસુમબેન મહેતા તથા મહેતા પરિવાર ના ઉદાર દાન થકી કોઈ પણ જાતનું ભાડું (ચાર્જીસ) લીધા વિના તદન નિઃશુલ્કપણે ઉપલબ્ધ છે. માત્ર ડિપોઝીટ જમા કરાવ્યેથી સંસ્થાના કાર્યાલય સેવા ભવન, ભોલેનાથ સોસાયટી શેરી નં.૪, અંકુર વિદ્યાલય મેઈન રોડ, ગુરૂપ્રસાદ ચોક પાસે રાજકોટ ખાતેથી મેડિકલ સાધનો મળી શકે છે. ડિપોઝીટની રકમ સાધન પરત કર્યે તુરત જ પાછી આપવામાં આવે છે. મેડીકલ સાધન પાછા આપવા આવો ત્યારે અમો તમારી પાસેથી મેડીકલ સાધનનું કોઈપણ પ્રકારનું ડોનેશન માંગતા નથી. આ મેડિકલ સાધનોની સેવા દરરોજ સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ સુધી ચાલુ હોવાનું તેમજ રવિવારે કાર્યાલય બંધ રહેશે તેમજ એકલા રહેતા મા બાપોને તેમજ જેમની આગળ પાછળ કોઈ ન હોય તેઓને મેડીકલ સાધન તેમના ઘરે પહોંચાડવામા આવશે તેમ પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યું છે. વિશેષમાં જણાવવાનું એક આપના જન્મદિન નિમિતે તથા આપના સ્વજનોની પુણ્યતિથિ નિમિતે તથા કોઈપણ શુભ પ્રસંગે આપ આપની યાદગીરી રૂપે અમોને મેડીકલ સાધનો દાનમાં આપી શકો છો. અથવા રોકડ અનુદાન પણ આપી શકો છો.

આવા અત્યાધુનિક મેડિકલ સાધનોમાં વોટરબેડ, એરબેડ, વ્હીલચેર, ઓર્થોપેડીક પલંગ, નેબ્યુલાઈઝર, બેડપાન, વોકર, ગરમ પાણીની શેકની કોથળી તથા ઈલેકટ્રીક શેકની કોથળી, પ્લાસ્ટીક બેડ પેન, ટોયલેટ ચેર, પ્લાસ્ટીક યુરીનપોટ, કમર બેલ્ટ, નેક બેલ્ટ, હાથ-પગના મોજા, ઓકિસજન સિલિન્ડર, ઓકિસજન ફલોમીટર કીટ, પેરાલીસીસ સ્ટીક, સકશન મશીન, સ્ટીમ ઈન્હેલર, મસાજર, પલ્સ ઓકિસમીટર તથા દરેક પ્રકારના પટ્ટા વિગરે અનેક પ્રકારના મેડિકલ, સર્જીકલ સાધનો જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપલબ્ધ છે. વિશેષમાં આવા અત્યાધુનિક સાધનોનો વધુ ને વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લઈ શકે તે યુવા સેના ટ્રસ્ટનો ઉદેશ છે તથા આપની પાસે ઉપરોકત મેડિકલ સાધનો તમારે ત્યાં બિનઉપયોગી પડેલ હોય તેવા કોઈપણ મેડીકલ સાધનો અમારી સંસ્થાને દાન આપી શકો છો. ઉપરોકત સરનામે અથવા પ્રમુખ પ્રધ્યુમનસિંહ ઝાલા મોબાઈલ નંબર ૯૯૧૩૩૧૦૧૦૦ સંપર્ક કરી જમા કરાવી શકે છે.

મહાનગરપાલિકા વોર્ડ નં.૧૪માં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અને યોજનાકીય કેમ્પ યોજાયો

કુલ ૪૨૫૭ લાભાર્થીઓએ લાભ લીધેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

વિકસિત ભારતની કલ્પનાને ચરિતાર્થ કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની રાજય સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો દરેક ઘર સુધી પહોંચાડવાનાં હેતુથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રા એટલે છેવાડાના પ્રત્યેક માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચાડી તમને સશક્ત બનાવવાનો સંકલ્પ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૮/૧૧ થી તા.૧૫/૧૨ સુધી દરેક વોર્ડમાં બે જુદા

જુદા રૂટ પર સવાર અને બપોર બાદ આ યાત્રા દ્વારા લોકોને માહિતગાર કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૦૭/૧૨ના રોજ સવારના ૯:૩૦ કલાકે, વોર્ડ નં.૧૪ પૃથ્વીરાજ ચૌહાણ આર.એમ.સી. શાળા નં.૪૮, જીલ્લા ગાર્ડનની અંદર, આંબેડકર હોલ પાસે, બાપુનગર રોડ જ્યારે બપોર બાદ ૩:૩૦ કલાકે વોર્ડ નં.૧૪ પંડિત દિનદયાળ આર.એમ.સી. શાળા નં.૬૫, શ્રમજીવી સોસાયટી, ૪/૬ કોર્નર, ઢેબર રોડ, અંધ મહિલા વિકાસગૃહની સામે ખાતેથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો શુભારંભ મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે કરવામાં આવેલ. આ વોર્ડમાં યોજાયેલા ઉપરોક્ત બંને યોજનાકીય કેમ્પમાં સરકારશ્રીની જનહિતની વિવિધ યોજનાઓનો કુલ ૪૨૫૭ લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. જેમાં વોર્ડ નં.૧૪ પૃથ્વીરાજ ચૌહાણ આર.એમ.સી. શાળા નં.૪૮, જીલ્લા ગાર્ડનની અંદર, આંબેડકર હોલ પાસે, બાપુનગર રોડ ખાતેના કેમ્પમાં ૧૯૦૬ લોકોને અને વોર્ડ નં.૧૪ પંડિત દિનદયાળ આર.એમ.સી. શાળા નં.૬૫, શ્રમજીવી સોસાયટી, ૪/૬ કોર્નર, ઢેબર રોડ, અંધ મહિલા વિકાસગૃહની સામેના કેમ્પમાં ૨૩૫૧ નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર કેતનભાઈ પટેલ, નિલેશભાઈ જલુ, વર્ષાબેન રાણપરા, ભારતીબેન મકવાણા, પૂર્વ કોર્પોરેટર કિશોરભાઈ પરમાર, શિક્ષણ સમિતિ સભ્ય જયદીપ જલુ, વોર્ડ નં.૧૪ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોશી, પ્રમુખ મહેશભાઈ મિયાત્રા, મહામંત્રી માનસુરભાઈ વાળા, કેયૂરભાઈ મશરૂ, મહિલા મોરચાના વૈશાલીબેન મહેતા, વિપુલભાઈ માખેલા, શૈલેષભાઈ હાપલિયા, દિપાલીબેન વોરા, હીનાબેન પટેલ, રમેશભાઈ કિયાડા, ધર્મિષ્ઠાબેન વાઘેલા, નરેન્દ્રભાઈ મકવાણા, કશ્યપભાઈ ભટ્ટ, શુભમભાઈ ચૌહાણ, રાજુભાઈ ટાંક, ભનુભાઈ પટેલ, જયદીપભાઈ દાવડા, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ઈન્ચાર્જ વિજયભાઈ પાડલીયા, સહ-ઈન્ચાર્જ જે.પી.ધામેચા, નીતિન વાઘેલા, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય તથા મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપલેટા શહેરની એકમાત્ર મુખ્ય પોસ્ટ ઓફિસની ફરિયાદો અને સમસ્યાઓથી નાગરિકો ભારે પરેશાન

ટિકિટની સમસ્યા, રજી.એડી. પોસ્ટની સમસ્યા સહિતની અનેક સમસ્યાઓ

(આશિષ લાલકિયા દ્વારા)
ઉપલેટા,તા.૮

ઉપલેટા શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસ એટલે કે ઉપલેટા લાટી પ્લોટની એકમાત્ર પોસ્ટ ઓફિસમાં નાગરિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હોવાનું સામે આવ્યું છે. અહીંયા છેલ્લા ઘણા સમયથી નાગરિકોના જણાવ્યા પ્રમાણે ફરિયાદોનું લિસ્ટ અને સમસ્યાઓની બાબતો દિન-પ્રતિદિન વધતું હોવાનું પણ માલૂમ

પડી રહ્યું છે. આ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી ટિકિટોની સમસ્યા હોવાનું નાગરિકોએ જણાવ્યું છે. આ ઉપરાંત નાગરિકો દ્વારા મોકલવામાં આવતી રજીસ્ટર એડી પોસ્ટની રજીસ્ટર એડીની કાપલીઓ પણ નાગરિકોને ભાગ્યે જ મળે છે અને જે લોકોને મળે છે તેમને પણ બહુ મોડી અને સમયસર મળતી નથી જેથી કરીને સમસ્યાઓ દિન-પ્રતિદિન વધતી હોવાનું સામે આવ્યું છે. અહીંયા આવતા ઘણા નાગરિકોની એવી પણ ફરિયાદો ઉઠી છે કે તેમને આવતી માસિક કે અન્ય મેગેઝીનનો પણ સમયસર મળતી નથી ત્યારે આ બાબતે નાગરિકો દ્વારા અનેક રજૂઆતો અને ફરિયાદો પણ કરાય હોવાનું પણ નાગરિકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઉપલેટા શહેરની અંદર ભૂતકાળની અંદર જે પોસ્ટ ઓફિસો હતી એમાંથી માત્ર હવે એક લાટી પ્લોટ પોસ્ટ ઓફિસ વધી છે જે ઉપલેટા શહેરની મુખ્ય પોસ્ટ ઓફિસ તરીકે કાર્યરત છે. આ પોસ્ટ ઓફિસની અંદર છેલ્લા ઘણા સમયથી ટિકિટ માટેની સમસ્યાઓ ઉદભવી રહી છે જે બાબતે નાગરિકો દ્વારા રજૂઆતો અને ફરિયાદો પણ કરવામાં આવે છે પરંતુ નાગરિકોની સમસ્યા અને ફરિયાદોનું નિરાકરણ ન આવતા નાગરિકોમાં તંત્ર પ્રત્યે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. આ ઉપરાંત સમસ્યાઓને લઈને વિભાગ દ્વારા કોઈ નક્કર પગલા છે નકર કાર્યવાહી નહીં કરવામાં આવતી હોવાની પણ રાવ નાગરિકો કરી રહ્યા છે ત્યારે જોવાનું એ રહ્યું કે ઉપલેટા શહેરની એકમાત્ર પોસ્ટ ઓફિસની સમસ્યા માટે તંત્ર જાગે છે કે પછી આંખ ફાડા કાન કરીને નાગરિકોને પડતી સમસ્યાઓને અવગણીને પોતાની જવાબદારીમાંથી છટકે છે તે જોવાનું રહ્યું છે.

વોર્ડ નં.૨માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત કરતાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

મહાનગરપાલિકાના વોર્ડ નં.૨માં હરી પાર્ક સોસાયટી તથા ચંદ્રનગર મેઈનરોડમાં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી ડો.માધવ દવેના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, વોર્ડ નં.૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વશોર્ડ નં.૨ના મહામંત્રી કૌશિકભાઈ અઢિયા, ભાવેશભાઈ ટોયટા, વોર્ડ અગ્રણીય નિલેશભાઈ તેરૈયા, નરેન્દ્રસિંહ ગોહિલ, કૌશિકભાઈ અઢિયા, હર્ષવર્ધનભાઈ કહોર, જે.ડી.ઉપાધ્યાય, જયભાઈ રાજયગુરૂ, ભરતભાઈ કાઠી, અનિલભાઈ મકવાણા, ફારૂકભાઈ કટારીયા, અજયસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, પૃથ્વીરાજ ચૌહાણ, હાર્દીક વોરા, ભાગવત શર્મા, જય દવે, પ્રિતેશભાઈ પોપટ, દીપકભાઈ ભટ્ટ, રાજુભાઈ ગણાત્રા, એન્જલભાઈ ગણાત્રા, દેવેન્દ્રભાઈ બાવીસી, નીતેશ ગણાત્રા, ચંદ્રકાંતભાઈ બોસમીયા, પ્રતાસિંહ ચૌહાણ, દિલીપ ટુંમર, ભુપેન્દ્રભાઈ દવે, વિલાસગીરી ગોસ્વામી, યોગરાજસિંહ જાડેજા, મહિલા અગ્રણી જસુમતીબેન વસાણી, માધવીબેન ઉપાધ્યાય, પલ્લ્વીબેન ચૌહાણ, અમીબેન પારેખ, દેવ્યાનીબેન રાવલ, ભાવનાબેન ચતવાણી, સીમાબેન અગ્રવાલ, ભારતીબેન પંડ્યા, નેહાબેન તન્ના, નયનાબેન બાવીસી, રીટાબેન પડીયા, ભાવિકા ગણાત્રા, દિપાબેન કાચા, વીણાબેન ચતવાણી, શ્રદ્ધાબેન સીણોજીયા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

વોર્ડ નં.૧૧માં વિવિધ સોસાયટીનાં રસ્તા ડામર કામથી મઢવાના કામનું ખાતમુહુર્ત કરતા મંત્રી ભાનુબેન બાબરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)
રાજકોટ,તા.૮

વોર્ડ નં.૧૧માં વિવિધ સોસાયટીનાં રસ્તા ડામર કામથી મઢવાના કામનું ખાતમુહુર્ત ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ તથા સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

વોર્ડ નં.૧૧માં આવેલ સરદારનગર કો.ઓપ. હાઉસિંગ સોસાયટી તથા નહેરૂનગર સોસાયટીની શેરીના રસ્તાઓ રૂ.૯૯/- લાખના ખર્ચે ડામર રિ-કાર્પેટથી મઢવામાં આવશે. આ વિસ્તારમાં ડામર કામ થવાથી આ વિસ્તારનાં નાગરિકોને હાલાકીમાંથી મુક્તિ મળશે.

આ ખાતમુહુર્ત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ તથા સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર ભારતીબેન પાડલીયા, રણજીતભાઈ સાગઠીયા, વિનુભાઈ સોરઠીયા, વોર્ડ નં.૧૧ના પ્રભારી પરેશભાઈ ઠાકર, પ્રમુખ મહેશભાઈ પીપળીયા, મહામંત્રી વિનોદભાઈ ઈસોટીયા, મુળુભાઈ ઓડેદરા તથા અગ્રણી બાવનજીભાઈ કોઠીયા, જીતુભાઈ ધામેલિયા, સુરેશભાઈ જિંજુવાડીયા, સુરેશભાઈ સાવલિયા, પ્રિતેશભાઈ ભુવા, નિખિલભાઈ શિશાંગીયા, વિરેનભાઈ મેઘાણી, વલ્લભભાઈ ગઢીયા, સંજયભાઈ બોરીચા, જયેશભાઈ બોરીચા, રાજુભાઈ સાવલિયા, રાજેશભાઈ ડાંગરીયા, નરેશભાઈ ત્રાડા, મુકેશભાઈ પંડિત, જશાભાઈ ડાંગર, ધર્મેશભાઈ સોલંકી, વિશાલભાઈ કાનપરા, દેવજીભાઈ કારેલીયા, રમણીકભાઈ મણવર, મોહિતભાઈ ધોડાસરા, જી.જે.પરમાર, કિશનભાઈ જોગસ્વા, હિરેન લીંબાસિયા, અર્જુનભાઈ કિહોર, રાજેશભાઈ રાઠોડ, હિરેનભાઈ મૂંગપરા, સુરેશભાઈ જિંજુવાડીયા, દીપકભાઈ ત્રિવેદી, ધીરૂભાઈ, રમેશભાઈ વેકરીયા, વિક્રમસિંહ ગોહિલ, કિશોરસિંહ ગોહિલ, સરદાર નગર સોસાયટી પ્રમુખ ધનજીભાઈ ફળદુ, મંત્રી મનસુખભાઈ ગોંડલિયા, કલ્પ માલાણી, સાગઠીયા સુનિલભાઈ, લીંબાસિયાભાઈ, અશ્વિનભાઈ, ધીરેનભાઈ કરગથરા, રાજેશભાઈ ભટ્ટ, રસિકભાઈ મુંગરા, પ્રફુલાબેન બારોટ, રાધિકાબેન ગીણોયા, ચતુરાબેન ગીંણોયા, હંસાબેન પટેલ, માલતિબેન સાતા વગેરે ઉપસ્થિત રહેલ.

વોર્ડ નં.૧૨ :
વોર્ડ નં.૧૨માં આવેલ જે.કે.સાગર સોસાયટી મેઈન રોડ, ખોડિયાર ઈન્ડ., સહજાનંદ સોસાયટી, ભવાનીનગર વગેરે સોસાયટી/વિસ્તારમાં રૂ.૧૦૦ લાખના ખર્ચે ડામર રિ-કાર્પેટથી મઢવામાં આવશે. આ સોસાયટી/વિસ્તારમાં ડામર કામ થવાથી આ વિસ્તારનાં નાગરિકોને હાલાકીમાંથી મુક્તિ મળશે.

અમદાવાદ થી રાજકોટ વંદે ભારતમાં મુસાફરી કરતા મંત્રી હર્ષ સંઘવી

રાજકોટ લગ્ન પ્રસંગમાં હાજરી આપી, કેન્ટીન–શૌચાલયમાં જાત નિરીક્ષણ કર્યું, દ્વારકા–ગાંધીનગર સ્લીપર કોચ બસમાં બેઠા

મુસાફરોને મળી તેમની સમસ્યાઓ જાણી

રાજકોટ,તા.૮

ગૃહમંત્રી હર્ષ સંઘવી ગઇકાલે રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જેમાં તેમણે પ્રથમ અમદાવાદથી રાજકોટ વંદે ભારત ટ્રેનમાં સફર કરી હતી અને ત્યારબાદ લગ્ન પ્રસંગમાં હાજરી આપી રાજકોટથી એસટી બસમાં અમદાવાદ જવા માટે રાત્રે ૧૧.૪૫ વાગ્યે રવાના થયા હતા. આ સમયે હર્ષ સંઘવી બસપોર્ટ ખાતે મુસાફરોને મળ્યા હતા અને પ્લેટફોર્મ, કેન્ટીન, વેઇટિંગ રૂમ ઉપરાંત શૌચાલયની મુલાકાતે પણ પહોંચ્યા હતા અને મુસાફરલક્ષી તમામ બાબતોની માહિતી મેળવી સમીક્ષા કરી હતી. ત્યારબાદ એસટી બસમાં અમદાવાદ પહોંચ્યા હતા.

હર્ષ સંઘવી ગુરૂવારે અમદાવાદથી વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી રાજકોટ પહોંચ્યા હતા. બાદમાં તેઓ એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ પછી તેઓ શહેરના ઢેબર રોડ પર આવેલ મુખ્ય એસટી બસપોર્ટ પર ૧૧ વાગ્યે પહોંચ્યા હતા. જ્યાં એસટી વિભાગના અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને પછી અધિકારીને સાથે રાખી હર્ષ સંઘવીએ બસપોર્ટના અલગ અલગ વિભાગોની



મુલાકાત લીધી હતી અને કેટલાક મુસ-ાફરો સાથે વાતચીત કરી યુવા મુસાફરો સાથે સેલ્ફી પણ પડાવી હતી.

હર્ષ સંઘવી સૌપ્રથમ પ્લેટફોર્મની મુલાકાત લીધી હતી અને ત્યાં બેંચીસ પર બેઠેલા અલગ અલગ મુસાફરોને મળ્યા હતા અને તેમની સાથે વાતચીત કરી હતી. તેઓએ મુસાફરોને પડતી કોઈ સમસ્યા હોય તો તે જાણવાનો પણ પ્રયત્ન કર્યો હતો. અલગ અલગ પ્લેટફોર્મ બાદ પાછળના ભાગમાં આવેલ દુકાન તેમજ વોલ્વો ઇન્ક્વાયરી અને વેઇટિંગ એરિયાની મુલાકાત લીધી હતી. બાદમાં તેઓ સીધા કેન્ટીનમાં પહોંચ્યા હતા અને ત્યાં મુસાફરોને આપવામાં આવતા ફૂડ બાબતની પણ જાણકારી મેળવી હતી. આ પછી શૌચાલયની અંદર સાફ સફાઈ યોગ્ય થાય છે કે કેમ તેમજ નળમાં પાણી આવે છે કે કેમ તે અંગે જાતે ચકાસણી કરી હતી.

આ પછી તેઓએ બસ આવે ત્યાં સુધી પ્લેટફોર્મ પર ઉભા રહી બસની રાહ જોઈ હતી. રાત્રે ૧૧.૪૫ વાગ્યે દ્વારકા–ગાંધીનગર સ્લીપર કોચ બસમાં બેસી અમદાવાદ જવા રવાના થયા હતા. જેમાં વચ્ચે રસ્તામાં ચોટીલા સાયલા વચ્ચે હોટલ દર્શન ખાતે બસને સ્ટોપ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજે હર્ષ સંઘવી એસટી બસ સ્ટેશનની મુલાકાતે આવવાના હોવાથી એસ.ટી. બસપોર્ટની બહાર અને અંદર તમામ જગ્યાએ અગાઉથી તાત્કાલિક સફાઈ કરી દેવામાં આવી હતી.

હર્ષ સંઘવીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભારતનો દરેક નાગરિક જ્યારે વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરે છે ત્યારે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર જરૂર માને છે. મેક ઇન ઇન્ડિયા એટલે વંદે ભારત ટ્રેન. રાજકોટ પબ્લિક બસ સ્ટેશનની મુલાકાત કરવાનો અવસર મળ્યો. અહીં મુસાફરોને મળી તેમની સમસ્યાઓ જાણી અને તેમની પાસેથી સઝેશન પણ મળ્યા. ગુજરાતના ૨૫ લાખ નાગરિકો રોજ એસટી બસનો ઉપયોગ કરે છે.

ક્રાઈમ કોર્નર

સહેલીને ફોન કર્યા બાદ પરિણીતાએ ફાંસો ખાઇ લીધો

શહેરના યુનિવર્સિટી રોડ પર શહીદ ભગતસિંહજી ગાર્ડના પાસે આવેલા હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતા સંધ્યાબેન જયદેવભાઈ રામાવતે (ઉ.વ.૨૨) પોતાના ઘરે પંખામાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લીધો હતો. પરિણીતાના આપઘાતની જાણ થતાં પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બાબરાના ઊંટવડના સંધ્યાબેનના લગ્ન બે વર્ષ પહેલાં જયદેવ રામાવત સાથે થયા હતા. પતિ જયદેવ સીસીટીવી કેમેરાનું કામ કરે છે. સવારે પતિ કામ પર ગયા બાદ સંધ્યાબેને તેની સહેલી ચાંદનીબેનને ફોન કરી જાગી ગયા કે નહી? તેવું પૂછ્યું હતું. ચાંદનીબેને હા જાગી ગઇ છું, ચા બનાવી રાખ આવું છું તેમ કહ્યું હતું. થોડીવાર બાદ ચાંદનીબેન પહોંચ્યા તો સંધ્યાબેન ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે આપઘાતનું કારણ જાણવા વિશેષ તપાસ શરૂ કરી હતી.

ગારીડામાં પતિએ પત્ની અને પુત્રીને માર મારી ઘરમાંથી કાઢી મૂક્યા

ગારીડામાં રહેતાં રંજનબેન વજુભાઇ વાટીયાએ એરપોર્ટ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પતિ વજુ ગોવિંદ વાટીયાનું નામ આપ્યું હતું. રંજનબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, પતિ દેવજીના મૃત્યુ બાદ દિયર વજુ સાથે બીજા લગ્ન કર્યા હતા અને તેનાથી સંતાનમાં પુત્રીની પ્રાપ્તી થઇ હતી. પતિ વજુ અવારનવાર ઝઘડા કરતો હતો અને માર મારી રંજનબેન અને પુત્રીને કાઢી મૂક્યા હતા.

પુત્રના બાઇક પરથી પટકાતાં પ્રૌઢાનું મોત

પોરબંદરના ઓડદર નજીક બાઇક પરથી પટકાતાં ઘવાયેલા ભાડ ગામના પ્રૌઢાને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા જેમનું અહીં મોત નીપજ્યું હતું. પોરબંદરના ભાડ ગામે રહેતા મોંઘીબેન રણમલભાઇ ડાકી (ઉ.વ.૭૦) ગત તા. ૫ના તેમના પુત્ર વિપુલભાઇના બાઇક પાછળ બેસીને પોરબંદર જવા નીકળ્યા હતા. ઓડદર ગામ પાસે પહોંચ્યા હતા ત્યારે કોઇ કારણસર મોંઘીબેન બાઇક પરથી પડી જતાં ગંભીર ઇજા તેમને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

દારૂ ભરેલી રિક્ષા સાથે એક શખ્સ ઝડપાયો

શહેરના સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાંથી પોલીસે દારૂ ભરેલી રિક્ષા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં એક શખ્સ દારૂ ભરેલી રિક્ષા સાથે નીકળ્યાની માહિતી મળતા માલવિયાનગર પોલીસની ટીમ દોડી ગઇ હતી. પોલીસે નિયત નંબર વાળી રિક્ષા અટકાવીને તલાશી લેતા રિક્ષામાંથી રૂ.૪૨ હજારની કિંમતનો ૮૪ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને રિક્ષા સહિત રિક્ષાચાલક સહકાર મેઇન રોડ પર રહેતા અર્જુન અતુલ મુંજારિયા (ઉ.વ.૨૪)ની ધરપકડ કરી હતી. અર્જુન દારૂનો જથ્થો હુડકો વિસ્તારના ભાવેશ ઉર્ફે કચ્છા પાસેથી લઇ આવ્યાનું ખૂલતા પોલીસે ભાવેશની શોધખોળ શરૂ કરી હતી.

રામાપીર ચોકડી પાસે કાર અથડાવી યુવક પર હુમલો કરી હડધૂત કર્યો

રૈયાધારમાં રહેતો રિક્ષા ચાલક કૌશલ નિતીનભાઇ મકવાણા તેના મિત્રની કારમાં બેસીને જતો હતો ત્યારે લાલા ઘોઘા સભાડ અન્ય ચાર શખ્સો સાથે કારમાં ઘસી આવ્યો હતો અને પાંચેય શખ્સો કારમાંથી ઉતરી કૌશલ પર કમરપટ્ટાથી તૂટી પડ્યા હતા અને યુવકને જ્ઞાતિ અંગે હડધૂત કર્યો હતો. ડો. આંબેડકર નિર્વાણ દિન નિમિતે ઝંડા બાબતે થયેલા ઝઘડાનો ખાર રાખી હુમલો કર્યો હતો.

પરિણીતાનો પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાંસો ખાઇ આપઘાત

રાજકોટના યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન પાછળ આવાસ ક્વાર્ટરમાં રહેતા સંધ્યાબેન યદેવભાઇ રામાવત (ઉ.વ.૨૨) આજે સવારે પોતાના ઘરે હતા. ત્યારે પડોશમાં રહેતી તેની બહેનપણી ચાંદનીબેનને વોટ્સએપ મેસેજ કરી કહ્યું કે, તું જાગી ગઇ છો, તો સામેથી ચાંદનીએ પુછ્યું હા અને તું શું કરે છે કહેતા સંધ્યાએ હું ચા બનાવું છું મેસેજ કર્યો હતો. ત્યારે ચાંદનીએ તું ચા બનાવ હું તારા ઘરે આવું છું મેસેજ કર્યો હતો. બાદમાં સંધ્યાએ પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દરમિયાન તેના ઘરે પહોંચેલી ચાંદનીએ દરવાજો ખોલતા સંધ્યા લટકતી જોવા મળતા આક્રંદ મચાવ્યો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો નિર્ણય : પ્રોફેસરો પેપર પણ ઓનલાઈન સેટ કરશે

પ્રોફેસરોને નવી સિસ્ટમ સમજાવવા મિટિંગ મળી,આગામી પરીક્ષાથી અમલી કરાશે

રાજકોટ,તા.૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં ક્યારેક પ્રશ્નપત્ર ખોટું પૂછાય જાય, કોર્સ બહારનું પૂછાય જાય, માર્કમાં ભૂલ થાય, પ્રશ્નમાં ભૂલ થાય આવા છબરડાઓ સમયાંતરે થતા હતા. યુનિવર્સિટીએ આ પ્રકારના છબરડા અટકાવવા માટે હવે ઓનલાઈન પેપર સેટ કરવાની સિસ્ટમ વિકસાવી છે જેમાં જે-તે વિષયના પ્રોફેસર પોતાના વિષયનું પ્રશ્નપત્ર ઓનલાઈન જ સેટ કરી શકશે. આ માટે ગુરુવારે

યુનિવર્સિટીમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પેપર સેટ કરતા પ્રોફેસરોની એક ખાસ મિટિંગ બોલાવી હતી. આ બેઠકમાં હવે પછીની પરીક્ષા માટે પેપર સેટ કેમ કરવા, પેપર સ્ટાઈલ કેવી રીતે નક્કી કરવી તેવા અનેક મુદ્દાઓની સમજણ પરીક્ષા નિયામક નિલેશ સોની દ્વારા આપવામાં આવી હતી.

યુનિવર્સિટીની પરીક્ષામાં અત્યાર સુધી જે-તે વિષયના પેપર સેટ કરવા માટે કોઈ ચોક્કસ પેપર સ્ટાઈલ બનાવી ન હતી પરંતુ હવે માર્ક પ્રમાણે નિશ્ચિત પેપર સ્ટાઈલ નક્કી કરી લેવામાં આવી છે. યુનિવર્સિટીએ પેપર સેટર માટે પણ એક પોર્ટલ બનાવ્યું છે જેમાં પ્રોફેસરે જે વિષયનું પેપર સેટ કરવાનું હોય તે માટે પ્રોફેસર પોતાના લોગઈન આઈડી પાસવર્ડ એન્ટર કરે એટલે તેને વિષય પ્રમાણેની પેપર સ્ટાઈલ ઓનલાઈન જોવા મળશે. જેમાં કયું સેક્શન અને કયો પ્રશ્ન કેટલા માર્કનો પૂછવાનો છે તે દર્શાવેલું હશે.

પ્રોફેસરે આ પેપર સ્ટાઈલ પ્રમાણે જ ઓનલાઈન પ્રશ્નપત્ર સેટ કરવાનું રહે છે. પ્રોફેસર પેપર સેટ કરી લે અને સબમિટ કરશે એટલે આ પેપર સીધું જ પ્રિન્ટિંગ પ્રેસમાં જતું રહેશે, ત્યાં પણ લોગઈન આઈડી અને પાસવર્ડના આધારે પેપર ખૂલશે અને પ્રિન્ટ થશે. દા.ત. ૫૦ માર્કનું પેપર હોય તો ૧૦-૧૦ માર્કના ૪ પ્રશ્ન અને ૫-૫ માર્કના બે પ્રશ્ન એમ કરીને કુલ ૫૦ માર્કસનું પેપર સેટ કરી શકાશે.

૧૨મીથી ૨૪,૭૭૧ વિદ્યાર્થીની પરીક્ષા લેવાશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તા.૧૨ ડિસેમ્બરથી આર્ટ્સ, મેનેજમેન્ટ, કોમર્સ, એજ્યુકેશન, હોમસાયન્સ, લો, પર્ફોર્મિંગ આર્ટ્સ, રૂરલ સ્ટડી અને સાયન્સ એમ ૯ ફેકલ્ટીના ૨૪,૭૭૧ વિદ્યાર્થીની પરીક્ષા લેવામાં આવશે. જેમાં સેમેસ્ટર ૧માં ઇએ રેગ્યુલર અને એક્સટર્નલ, **B.A.I.D**માં, **B.J.M.C, B.LIB, B.S.W, M.A** રેગ્યુલર અને એક્સટર્નલ, **M.J.M.C, M.S.W, BBA, B.Com** રેગ્યુલર અને એક્સટર્નલ, **BA B.Ed, B.Ed** સેક્ન્ડ યર, **M.Ed, BSC (HS), MSC (HS), BA, BPA, BRS, BCA, BSC IT, BSC MSC,** એપ્લાયડ ફિઝિક્સ, **PGDCA, MSC (AII), MSC (ITCA)** અને **BDS**માં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે.

રૂ.૯૦ હજારની કિંમતના ૬ મોબાઈલ ફોન શોધી કાઢતી થોરાળા પોલીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૮

રાજકોટ ખાતેના થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ થોરાળા વિસ્તારમાંથી ગુમ અથવા ચોરી થયેલા મોબાઈલ ફોન ટેકનિકલ સોર્સના આધારે શોધી કાઢવામાં આવ્યા હતા. આ કામગીરી અંતર્ગત સાયબર ક્રાઈમ ડિટેક્શન ટીમના પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ વાળા, રાકેશભાઈ બાલ-ાસરા અને અન્ય સ્ટાફે સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજીસ્ટર (**CEIR**) પોર્ટલનો ઉપયોગ કરી સતત મોનેટરીંગ કરતા રહે છે. જેના આધારે ગુમ અથવા ચોરાયેલ મોંઘાદાઢ મોબાઈલ ફોનને ટ્રેક કરી શોધી કાઢવામાં આવે છે. જેમાં ગત એક માસમાં ''**CEIR**'' પોર્ટેલના ઉપયોગ થકી રૂ.૮૯૦૦૦ની કિંમતના કુલ છ મોબાઈલ ફોન શોધીને રીકવર કરવામાં આવ્યા અને મૂળ માલિકને પરત કરાયા હતા.

પેરા કમાંડોની તાલીમ પૂર્ણ કરી વતન આવતા જવાનનુ ભવ્ય સ્વાગત

જવાન કિશન બથવારને ''પાંચાળ ગૌરવ એવોર્ડ'' એનાયત થશે : વિનોદ વાલાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

ચોટીલા,તા.૮

પાંચાળ પ્રદેશના ચોટીલા તાલુકાના આંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારના છેવાડાના વગડાની વનરાઈ અને માટીની મહેંક પ્રસરાવ-તા ખોબા જેવું ગામ મોકાસરનો લાડલો દીકરો કિશનભાઈ મંગાભાઈ બથવાર પહેલા અગ્નિવીર યોજનામા સિલેકટ થયા પછી તેની છ માસની તાલીમ બેંગ્લોર ખાતે પૂર્ણ કર્યા બાદ ભારતીય સૈન્ય પેરા કમાન્ડોની પરીક્ષા પાસ કરી કમાન્ડોની તાલીમ રાજસ્થાનમાં પૂર્ણ કર્યા બાદ આગ્રામા ૧૮૦૦૦ની ઊંચાઈથી પેરાશુટ જમ્પની તાલીમ પર પ્રતિકૂળ વાતાવરણમા મક્કમતાપૂર્વક પાસ કરીને આજે માદરે વતન પાંચાળની

ધન્ય ધરામાં આવતા ચોટીલા પંથકના પ્રજાજનોએ કમાન્ડો જવાનનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.સ્વાગત બાઈક રેલી ચોટીલાથી મોકાસર ગામની શાળા સુધી ફરી નવ યુવાનોને પ્રેરણા પૂરી પાડી મા ભોમની સેવા કાજે તત્પર થવાની પ્રેરણા પૂરી પાડી હતી. પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણીએ કિશનભાઇને ગીફ્ટ મોમેન્ટો હાર અને શાલ ઓઢાડી બાબા સાહેબ આંબેડકર અને ભારત માતાની છબી અર્પણ કરી દિવ્ય અને ભવ્ય સન્માન કર્યુ હતું વધુમાં કિશનભાઈએ પાંચાળ પ્રદેશને ગૌરવ અપાવવા બદલ વિનોદભાઈ વાલાણીએ કિશનભાઈ બથવારને ''પાંચાળ ગૌરવ એવોર્ડ'' થી સન્માનિત કરવા તત્પરતા દર્શાવી હતી.કાર્યક્રમમાં સાથે શિક્ષણવિદ રત્નાભાઇ ચાવડા જોડાયા હતા. ઉલ્લેખનીય છે પાંચાળ પ્રદેશમાથી માં ભોમની રક્ષા કાજે અનેક યુવાનો ભારતીય સૈન્યમાં જોડાઈ ગરવી ગુજરાત અને પાંચાળ પ્રદેશનું ગૌરવ વધારી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

રાજકોટના આંગણે ૧૧ શ્રી વિરાટ શ્રી વાજપેય મહા સોમયશ યજ્ઞ મહોત્સવ તેમજ વિષ્ણુ ગોપાલ મહાયજ્ઞ માટેની ભવ્ય સોમ કળશની શોભાયાત્રા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૮

રાજકોટ ખાતે તા.૮ થી તા. ૧૨ ડિસેમ્બર સુધી રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે ભવ્ય સોમયજ્ઞ આયોજિત થયો છે તેવા મનોકામના પૂર્તિ સોમ કળશ ની ભવ્ય શોભાયાત્રા યજ્ઞના મુખ્ય મનોરથી નીતિનભાઈ પ્રભુદાસ ભાઈ પારેખના નિવાસ જાગનાથ પ્લોટ ખાતે થી યોજાઈ હતી આ શોભાયાત્રા પૂર્વે યજ્ઞના અધ્યક્ષ પૂજ્ય આચાર્ય ગોસ્વામી શ્રી ગોકલોત્સવજી મહારાજ તથા આચાર્યશ્રી વજોતસવજિ મહોદશ્રી ની અધ્યક્ષતામાં પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું તથા મનોકામના પૂરતી અક્ષત વધો

દ્વારા સોમ યજ્ઞાના કલશ પૂજા કરવામાં આવેલ

આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં બહેનો શ્રીફળ અને કળશ સાથે ઉપસ્થિત રહ્યા હતા ભજન કીર્તન મંડળી આ ધાર્મિક શોભાયાત્રા અલૌકિક બની રહી હતી માર્ગદર્શક ગોવિંદભાઈ પટેલ, ગુણવંતભાઈ ડેલાવાળા, હિતેશભાઈ પોપટ, અંતુભાઈ સોની તથા બહોળી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યો હતા મહોત્સવને ખુલો મુકવામાં આવ્યો હતો અને મહારાજ શ્રી દ્વારા સોમ યજ્ઞનું મહત્વ સમજાવવામાં આવેલ હતું યજ્ઞ નારાયણ દેવની આહુતી સાથે નો મનોકામના યજ્ઞ પરમ અલૌકિક છે એમ જણાવેલ હતુ. તેમ પ્રેસ મિડિયા અને સ્વાગત સમિતિ વિજય કારીઆ, રાજેશભાઈ ગોંડલીયા, રમેશભાઈ ધકાન, વિનય કારીયા, ધર્મેશભાઈ વસંત ની યાદી જણાવે છે.

માલવિયા ચોકમાં આવેલ હાઈડ્રીમ સ્પામાં દરોડો

રાજકોટ,તા.૮

માલવિયા ચોક નજીક આવેલ હાઈડ્રીમ સ્પામાં પોલીસે દરોડો પાડી નોંધણી વગર મસાલ થેરાપીસ્ટ રાખતા સંચાલક સામે ગુનો નોંધાયો હતો. દરોડાની વિગત અનુસાર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.વી. લુવા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે મળેલ ચોકક્સ બાતમીના આધારે માલવિયા ચોકમાં આવેલ પ્રમુખસ્વામી આર્કેડના બીજા માળે ઓફીસ નં.૨૦૧માં ચાલતા હાઈડ્રીમ સ્પામાં દરોડો પાડી તપાસ કરતા ત્યાં કામ કરતી મધ્યપ્રદેશની મસાજ થેરાપીસ્ટ મહિલાની પોલીસમાં નોંધણી કરાવેલ ન હોય જેથી પોલીસે સ્પાનાં સંચાલક ગંગારામ રાજુ ઠાકુર (રહે. પુજારા પ્લોટ, નિલકંઠ એપાર્ટમેન્ટ નીચે ગ્રાઉન્ડ ફલોર) સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

અવસાન નોંધ

ચા. મ.મોઢ બ્રાહ્મણ પત્નીતાબેન(ઉ.વ.૮૧) તે રાજકોટ ના સિનિયર એડવોકેટ નટવરલાલ શંકરલાલ ભટ્ટ(એન.એસ. ભટ્ટ)ના ધર્મપત્ની તથા સ્વ. ધિમંતભાઈ; યતીનભાઈ (એડવોકેટ) તથા (જરૂરીસ) સંદિપભાઈ ના માતા તેમજ યેશા; પાર્થ; અને દીર્ઘવાન(એડવોકેટ) ખુશાલી અને હર્ષિત ના દાદી અને પરસંતભાઈ અને જયેશભાઈ કાકી તથા ભારતીબેન; પ્રકાશભાઈ; સ્વ. કિરોરભાઈ; કમલેશભાઈ; સ્વ. ચેતનભાઈ જોષીના બેન તા.૮-૧૨ શુક્રવારે દેવલોક પામ્યા છે. બંને પક્ષનું બેસણું,તા.૯/૧૨/૨૦૨૩ શનિવાર સાંજના ૪- થી ૬ તેમના નિવાસસ્થાને '' યોગીઅમૃત એપાર્ટમેન્ટ હોલ; લીંબૂડીવાડી રોડ; સોજીત્રાનગર પાણીના ટાકાની પાસે; રાજકોટ ખાતે રાખેલ છે.

''સૂર્ય નમસ્કાર મહા અભિયાન સ્પર્ધા-૨૦૨૩''

લોકજાગૃતિ સ્પર્ધામાં ભાગ લેવા ૧૫ ડિસેમ્બર સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકાશે

રાજ્યમાં ૨૦ હજારથી વધુ સ્થળોએ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ સ્પર્ધાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૮

ગુજરાતના નાગરિકોને નિરોગી બનાવવા અને યોગાભ્યાસ સાથે સૂર્ય નમસ્કારના સંયુકત લાભોથી લોકોને જાગૃત કરવા વિશિષ્ટ અભિગમ સાથે રાજ્યમાં પ્રથમવાર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી રાજ્ય વ્યાપી સૂર્ય નમસ્કાર મહાઅભિયાનનુ આયોજન કરવામાં આવ્યું છે. આ મહાઅભિયાન તા.૧લી ડિસેમ્બર-૨૦૨૩ થી ૧લી જાન્યુઆરી-૨૦૨૪ એક મહિના સુધી ચાલશે.જે અંતર્ગત ૩૧મી ડિસેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરાયું છે. સમગ્ર રાજ્યમાં ૨૦ હજારથી વધુ સ્થળોએ આ યોગ સ્પર્ધાનું આયોજન થશે, જેમાં અંદાજે રૂપિયા ૨ કરોડથી વધુ રકમના ઇનામો યોગ સ્પર્ધકોને આપવામાં આવશે.

ગ્રામ્ય, તાલુકા, શાળા અને વોર્ડ કક્ષાથી શરૂ કરી જિલ્લા, મહાનગરપાલિકા અને રાજ્યકક્ષા સુધી યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નાગરિકો ૧૫ ડીસેમ્બર સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન વ્યક્તિગત રહેશે અને શાળાનું રજીસ્ટ્રેશન શાળા વાઇઝ પણ કરી શકાશે. રજીસ્ટ્રેશન એક જ વખત એક જ મોબાઈલ ઉપરથી કરી શકાશે.

તા.૧૯ ડિસેમ્બરના રોજ ગ્રામ્યકક્ષા, નગરપાલિકા અને મહાનગરપાલિકા વોર્ડકક્ષા સ્પર્ધાની સ્પર્ધા યોજાશે. ત્યારબાદ તા. ૨૩ ડિસેમ્બરના રોજ તાલુકા તથા ઝોનકક્ષા સ્પર્ધા, તા. ૨૬ ડિસેમ્બરના રોજ જિલ્લા તથા મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા અને અંતમાં તા.૩૦ ડિસેમ્બરના રોજ રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં સૂર્ય નમસ્કારના જે તે આસનના પોસ્ચર તથા નમસ્કારની સંખ્યા પણ ધ્યાનમાં લેવામાં આવશે.

સ્પર્ધાની કેટેગરી વય મુજબ ત્રણ ભાગમાં કરવામાં આવી છે. જેમાં ૦૯ થી ૧૮ વર્ષ, ૧૯ થી ૪૦ વર્ષ અને ૪૧ વર્ષથી ઉપરની વય એમ ત્રણ કેટેગરીમાં નાગરિકો ભાગ લઈ શકશે. ગ્રામ્ય-શાળા -વોર્ડ કક્ષાએ સ્પર્ધા પાંચ મિનિટમાં મહત્તમ ક્ષતિરહિત સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. કેટેગરી વાઇઝ વિજેતાઓને રૂ. ૧૦૧ રોકડ પુરસ્કાર અપાશે. જ્યારે તાલુકા-નગરપાલિકા-ઝોન કક્ષાએ સ્પર્ધામાં આઠ મિનિટમાં મહત્તમ ક્ષતિ-રહિત રહેશે. સૂર્ય નમસ્કાર કરવાના રહેશે તેમજ વિજેતા થયેલા સ્પર્ધકોને વય જુથ મુજબ એક ભાઇ અને એક બહેનને રૂ. ૧૦૦૦નું રોકડ ઇનામ અપાશે.

જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ સ્પર્ધામાં ૧૦ મિનિટમાં મહત્તમ ક્ષતિરહિત સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. વિજેતા થયેલા પ્રથમ ભાઇ અને પ્રથમ બહેનને રૂ. ૨૧,૦૦૦ દ્વિતિય ભાઇ અને બહેનને રૂ. ૧૫,૦૦૦ અને તૃતિય ભાઇ અને બહેનને રૂ. ૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

રાજ્ય કક્ષાએ ૧૫ મિનિટમાં મહત્તમ ક્ષતિરહિત સૂર્ય નમસ્કાર કરવાના રહેશે, વિજેતા થનાર પ્રથમ વિજેતા ભાઇ અને બહેનને રૂ. ૨,૫૦,૦૦૦, દ્વિતીય ભાઇ અને બહેનને રૂ. ૧,૭૫,૦૦૦ અને તૃતિય ભાઇ અને બહેનને રૂ. ૧,૦૦,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત તમામ પાર્ટીસીપન્ટને ડીજીટલ સર્ટીફીકેટ પણ આપવામાં આવશે. આ દિવસે જ સમગ્ર રાજ્યમાં જિલ્લા, નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાએ ૧૯૦ જેટલા સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

સ્પર્ધામાં ગુજરાતમાં રહેતા અને રહેઠાણ ધરાવતી વ્યક્તિ જ ભાગ લઈ શકશે.જે તે જિલ્લામાં રહેનાર વ્યક્તિએ પોતાના જિલ્લામાં જ રજીસ્ટ્રેશન કરાવીને તેમાં ભાગ લેવાનો રહેશે. સ્પર્ધા અંગે ફિટનેસ માટેની બાંહેધરી પણ આપવાની રહેશે. સૂર્ય નમસ્કારમાં સ્પર્ધામાં કુલ ૧૨ સ્ટેપ અને સાત આસનોનો સમૂહ આવે છે તેના નીતિ નિયમો જાણી તેને નિશ્ચિત પોસ્ચર સાથે રજુ કરવાના રહેશે.આ માટે ડ્રેસ કોડમાં કોઈપણ કટ વિનાના અને અપારદર્શક તથા બંધ ગળાના વસ્ત્રો પહેરવાના રહેશે. આ માટે **https://snc.gsyb.in/** પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા

રાજકોટ તાલુકાના આણંદપર(નવાગામ)ગામના લાભાર્થી સાથે પ્રધાનમંત્રી કરશે સીધો સંવાદ

આયોજન અંગે બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૮

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ૯ ડીસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનો સંવાદ કાર્યક્રમ યોજનાર છે. જેમાં રાજકોટ તાલુકાના આણંદપર(નવાગામ)ગામના લાભાર્થી સાથે પ્રધાનમંત્રી જીસ્વાનના માધ્યમથી સીધો જ સંવાદ કરશે.

આ સંવાદ કાર્યક્રમના સુચારુ આયોજન અંગે કલેકટર પ્રભવ જોશી તથા જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારી, નાયબ કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન વિભાગ, હિસાબી અધિકારી, સરપંચ આણંદપર, મામલતદાર તેમજ વિવિધ વિભાગોના અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા જેમને વિવિધ કામગીરી સોંપવામાં આવી હતી.

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

આગામી મહિને રાજકોટ સહિત રાજ્યભરમાં સ્માર્ટ વિજમીટર લાગવા માંડશે

રાજકોટમાં મહિલા કોલેજ સબ ડીવીઝનમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ૨૫૦૦૦ વીજજોડાણોમાં સ્માર્ટ મીટર ફીટ થશેઃ જામનગરમાં સેન્ટ્રલ ઝોન સબ ડીવીઝનમાં લાગશે

એક વર્ષમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૩.૬૬ લાખ સ્માર્ટ વિજમીટરો લગાવવાનો ટાર્ગેટઃ ઉંચા બિલ સહિતની સમસ્યામાંથી છુટકારો મળશે

રાજકોટ,તા.૮

લોકોની સુવિધામાં વધારો કરવા કેન્દ્ર સરકાર દ્વારા આરડીએસએસ (રીવેમ્પડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ) યોજના હેઠળ પીજીવીસીએલના વિજ ગ્રાહકોના વિજ સ્થાપનમાં સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત પીજીવીસીએલ દ્વારા રાજકોટથી કામગીરી શરૂ કરવામાં આવશે.

રાજકોટમાં સૌપ્રથમવાર પાયલોટ ટાઉન તરીકે મહિલા કોલેજ પેટા વિભાગીય કચેરી રાજકોટથી મીટર લગાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત જામનગર સીટી ડીવીઝનના સેન્ટ્રલ ઝોન સબ ડીવીઝનમાં મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવશે. પ્રથમ તબકકામાં જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૨૩.૬૬ લાખ સ્માર્ટ મીટરો લગાવામાં આવશે ત્યાર બાદ અન્ય કામગીરી હાથ ધરાશે.

રાજકોટ ઉપરાંત અંજાર, અમરેલી, ભુજ, મોરબી, સુરેન્દ્રનગર, જુનાગઢ, પોરબંદર, બોટાદ, ભાવનગર, જામનગરમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. આ યોજના હેઠળ સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવવાથી વિજગ્રાહકો પોતાની

જરૂરીયાત મુજબ રીચાર્જ કરી શકશે અને વધુમાં પીજીવીસીએલના કર્મચારીને મીટર રીડીંગ માટે વખતો વખત રૂબરૂ જવાની જરૂર નહીં પડે અને સમયનો બચાવ થશે.

પીજીવીસીએલ દ્વારા અંજારમાં ૧.૦૯ લાખ, અમરેલીમાં ૨.૫૦ લાખ, ભૂજમાં ૧.૯૬ લાખ, મોરબીમાં ૦.૯૨ લાખ, રાજકોટ ગ્રામ્યમાં ૨.૫૯ લાખ, રાજકોટ શહેરમાં ૧.૫૬ લાખ, સુરેન્દ્રનગરમાં ૧.૯૩ લાખ, જુનાગઢમાં ૧.૭૨ લાખ, પોરબંદરમાં ૨.૦૨ લાખ, બોટાદમાં ૦.૨૪ લાખ, ભાવનગરમાં ૧.૮૨ લાખ, જામનગરમાં ૫.૩૨ લાખ આમ કુલ ૨૩.૬૬ લાખ સ્માર્ટ પ્રીપેઈડ મીટર લગાવાશે.

આ યોજનાના અમલ માટે કેન્દ્ર સરકારના આરઈસી પાવર ડેવલપમેન્ટ એન્ડ કન્સલટન્સી લિમીટેડ વિભાગને નિયુકત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત પીજીવીસીએલના ૫૫.૮૩ લાખ વીજ ગ્રાહકોના કુલ રૂા.૩૬૦૦ કરોડના ખર્ચથી સ્માર્ટ પ્રીપેઈડ મીટર બે તબકકામાં લગાવવામાં આવશે.

વર્તુળ કચેરીનું નામ	સંબંધિત વર્તુળ કચેરી હેઠળ ના વિસ્તારમાં લગાવવામાં આવનાર પ્રી-પેઈડ સ્માર્ટ મિટરની સંખ્યા (લાખમાં)
અંજાર	૧.૦૯
અમરેલી	૨.૫૦
ભુજ	૧.૯૬
મોરબી	૦.૯૨
રાજકોટ ગ્રામ્ય	૨.૫૯
રાજકોટ શહેર	૧.૫૬
સુરેન્દ્રનગર	૧.૯૩
જુનાગઢ	૧.૭૨
પોરબંદર	૨.૦૨
બોટાદ	૦.૨૪
ભાવનગર	૧.૮૨
જામનગર	૫.૩૨
કુલ	૨૩.૬૬

જેનાથી આગામી સમયમાં વિજ ગ્રાહકોને મોટો ફાયદો થશે.

પ્રથમ તબક્કામાં ૨૩.૫૫ લાખ સ્માર્ટ મીટરો લગાવવાની કામગીરી હાથ ધરાશે. આ મીટરો, સરકારી વિજ જોડાણો, ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર, ઔદ્યોગીક વિજ જોડાણો કોમર્શીયલ વિજ જોડાણો અને ઘર વપરાશના જોડાણોમાં લગાવાશે. પ્રીપેઈડ સ્માર્ટ મીટરમાં રીચાર્જ પ્રક્રિયા મોબાઈલના પ્રીપેઈડ સીમકાર્ડ જેવી હશે હવે માસિક ચૂકવણીના બદલે જરૂરીયાત મુજબ અનુકુળ દિવસો કે કલાકો માટે પણ ચૂકવણી થઈ શકશે.

જો કોઈ વીજ ગ્રાહકનું રીચાર્જ રાત્રીના પુરૂ થાય તો ગ્રાહકે રાત્રીના વીજળી વગર રહેવું ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ સુવિધાથી ગ્રાહકો પોતાનો વીજ વપરાશ જાણી શકશે અને વીજ બીલ ભરવાની લાઈનમાંથી મુકિત મળશે.

સ્માર્ટ પ્રી-પેઈડ મીટર થી શું ફાયદા થશે?

- ગ્રાહકો પોતાના વીજ-વપરાશ ન નિયમન કરી શકશે.
- ગ્રાહક પોતાના વીજ- વપરાશ ને જાણી શકશે.
- ગ્રાહકો ને વીજબીલ ભરવાની લાઈનમાં ઉભા રહેવામાંથી મુકિત મળશે.
- વીજ ગ્રાહક પોતાના મોબાઈલ એપ થી સીધું રીચાર્જ કરી શકશે.
- વપરાશની માહિતી મોબાઈલ દ્વારા જાણી શકાશે.
- વીજ ગ્રાહકો પ્રી-પેઈડ બેલેન્સની માહિતી એસએમએસ દ્વારા મેળવી શકશે. રિચાર્જ સુવિધા પણ પીજીવીસીએલના કેશ કાઉન્ટર, એજન્સી અને ઓનલાઈન દ્વારા મળી શકશે.

વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ડીમોલીશનઃ ૪૦.૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવી

રાજકોટ.તા.૮

મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશાનુસાર ટાઉન પ્લાનીંગ ઓફિસરના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા વોર્ડ નં.૧૧ ટી.પી. સ્કીમ નં.૨૭-મવડીના અંતિમ ખંડ નં.૭૦/બી, ટી.પી. સ્કીમ નં.૨૬-મવડીના અંતિમ ખંડ નં.૩/એ તથા વોર્ડ નં.૧૨ માં આવેલ ટી.પી. સ્કીમ નં.૨૭-મવડીના અંતિમ ખંડ નં.૬૭/એ માં ઝુંપડાઓનું દબાણ દુર કરવા તથા ટી.પી. સ્કીમ નં.૧૬-મોટામવાના ૨૪.૦૦ મી. ટી.પી. રોડ ઉપર બનાવવામાં આવેલ ઝુંપડા તથા દિવાલ દુર કરવા માટેની ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ૮૦૯૩.૦૦ ચો.મી.ની અંદાજીત ૪૦.૫૦ કરોડની જમીન ખુલ્લી કરાવેલ છે. આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટ ઝોનના આસી. ટાઉન પ્લાનર જી. ડી. જોષી, આર. એન. મકવાણા તથા વેસ્ટ ઝોનનો તમામ ટેકનીકલ સ્ટાફ, જગ્યા રોકાણ શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

વહેલી સવારથી પવન ફુકાવો શરૂ થતા ગુલાબી ઠંડી ઘટી

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડક યથાવતઃ મોડી રાત્રીના અને સવારે શિયાળાની અસર વધુ

ભેજનું પ્રમાણ ૬૬% પવનની ગતી ૬ કિ.મી.રહી

રાજકોટ તા. ૮ :

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળાની અસર વધવા લાગી છે. અને મોડી રાત્રીના અને વહેલી સવારે શિયાળાની વધુ અસર અનુભવાઇ છે. જુનાગઢ આજે સવારથી જૂનાગઢ સહિત સોરઠભરમાં પવન ફુંકાય રહ્યો હોય સામાન્ય જનજીવનને અસર થઇ છે. ગઇકાલે જુનાગઢ ખાતેનું લઘુતમ તાપમાન ૨૦.૭ ડિગ્રી નોંધાયા પછી આજે સવારે તાપમાનનો પારો ૨૧.૯ ડિગ્રીએ સ્થિર થયો હતો ગિરનાર પર સવારે ૧૫.૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું પરંતુ વહેલી સવારથી પવન ફુકાવો શરૂ થતા ગુલાબી ઠંડી ઘટી છે. જો કે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૬૧ ટકા રહ્યું હતું.

બાજરા સંશોધન કેન્દ્ર જાનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઇએ તો લઘુતમ તાપમાન ૧૮.૫ મહતમ તાપમાન ૨૭.૫ ભેજનું પ્રમાણ ૬૬% પવનની ગતી ૬ કિ.મી.રહી હતી.નલીયામાં એક દિવસ તાપમાન સીંગલ ડીજીટમાં આવી ગયા બાદ આજે ફરી ઉંચે ચડી ગયો હતો. હવામાન વિભાગના રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે રાજ્યમાં સૌથી નીચુ તાપમાન નલીયામાં ૧૧ ડીગ્રી નોંધાયું હતું જે નોર્મલ કરતા બે ડીગ્રી નીચે હતું. બાકી તમામ સેન્ટરોમાં લઘુતમ તાપમાન નોર્મલથી ઉપર જ હતું. રાજકોટનું ન્યુનતમ તાપમાન ૧૬ ડીગ્રી હતું જે નોર્મલ કરતા એક ડીગ્રી વધુ હતું.

આ સિવાય અન્ય સેન્ટરોમાં અમદાવાદનું ન્યુનતમ તાપમાન ૧૮.૪ ડીગ્રી, અમરેલીનું ૧૮.૭ ડીગ્રી, ભાવનગરનું ૨૧ ડીગ્રી, ભુજમાં ૧૫.૨ ડીગ્રી, ડીસામાં ૧૫.૬ ડીગ્રી, દ્વારકામાં ૧૮.૬ ડીગ્રી, ગાંધીનગરમાં ૧૬.૮ ડીગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૮ ડીગ્રી તથા વેરાવળમાં ૨૦.૩ ડીગ્રી હતું. રસપ્રદ બાબત એ છે કે, ન્યુનત્તમ તાપમાન નોર્મલથી ઉંચુ રહેવાની સાથે દિવસનું મહત્તમ તાપમાન નોર્મલથી નીચે રહ્યું છે. અમદાવાદમાં ૨૭.૮ ડીગ્રી, અમરેલીમાં ૨૮.૪ ડીગ્રી, ભાવનગરમાં ૨૭.૬ ડીગ્રી, દ્વારકામાં ૨૯ ડીગ્રી, નલીયામાં ૨૮.૬, પોરબંદરમાં ૩૧ ડીગ્રી મહત્તમ તાપમાન હતું.

રાજકોટ જિલ્લાના જેતપુરમાંથી ૨૬ બાળમજૂરને મુક્ત કરાયા

સાડી પ્રિન્ટિંગના બે કારખાનાના માલિકો ૧૨ કલાક બાળમજૂરી કરાવી મહિને પથી ૭ હજાર પગાર આપતા

રાજકોટ.તા.૮

રાજકોટ જિલ્લાના જેતપુરમાંથી ૨૬ બાળમજૂરને મુક્ત કરાવવામાં આવ્યા છે. **NGO** દ્વારા સમાજ સુરક્ષાના અધિકારીઓ અને પોલીસને સાથે રાખી સાડી પ્રિન્ટિંગના કારખાનાઓમાં દરોડા પાડવામાં આવતા કારખાનામાંથી બાળમજૂરો મળી આવ્યા હતા. આ અંગે બે અલગ અલગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.નોબેલ એવોર્ડ વિજેતા કૈલાશ સત્યાર્થી દ્વારા સંચાલિત 'બચપન બચાવો આંદોલન' સંસ્થાના ગુજરાતના કો-ઓર્ડીનેટર શિતલબેન સંજીવભાઈ પ્રદીપ અને દામીનીબેન વિનોદભાઈ પટેલે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં બે અલગ અલગ ફરિયાદ નોંધાવી છે. મૂળ દિલ્હીના આ એનજીઓમાં તેઓ છ વર્ષથી સેવા આપે છે.જેતપુરના

સાડીના કારખાનેદારો, ઠેકેદારો પરપ્રાંતીય બાળકો પાસે સખત મજૂરી કરાવતા હોવાની બાતમીને આધારે સમાજ સુરક્ષા વિભાગ, રાજકોટ ગ્રામ્ય પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ સહિત જુદી જુદી શાખાઓને સાથે રાખી બે કારખાનાઓમાં તપાસ કરતા ૨૬ જેટલા બાળમજૂરોને મુક્ત કરાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, જેતપુરમાં કેટલાક કારખાનાઓના ઠેકેદારો યુપી, બિહાર ઝારખંડથી બાળકો લાવી અને અહીં મહિનામાં માત્ર બે દિવસની રજા આપી સવારથી રાત સુધી સખત મજૂરી કરાવી બાળકોનું શોષણ કરે છે. આ મુજબની બાતમીને આધારે એન્જીઓએ તેમની ટીમ અને શ્રમ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, પોલીસની ટીમોને સાથે રાખીને ચાંપરાજપુર રોડ વિસ્તારમાં આવેલી ઓમ ક્રિએશન જલારામ પ્રિન્ટસ કારખાનામાં દરોડો પાડતા ૧૭ બાળ મજૂર મળી આવ્યા હતા. આ બાળકોને સવારે ૮થી રાત્રે ૮ વાગ્યા સુધી ૧૨ કલાક કામ કરાવી માત્ર માસિક પથી ૭ હજાર પગાર આપાતો હતો. જેથી ઠેકેદાર જીઉત કુમાર ઉર્ફે જીતુ મિસરીરાય રાજભર અને કારખાનું ચલાવતા દીપેન જોગી સામે ગુનો દાખલ થયો હતો. બીજા ગુનામાં ચાંપરાજપુર રોડ વિસ્તારમાં આવેલ નવરંગ પ્રિન્ટ નામના કારખનામાં દરોડો પાડતા ૯ બાળ મજૂર મળી આવેલા, આ બાળકોને પણ સવારે ૮થી રાત્રે ૮ વાગ્યા સુધી એમ ૧૨ કલાક કામ કરાવવામાં આવતું હતું. માસિક ૬ હજાર પગાર આપતો. પોલીસે અહીંના ઠેકેદાર વિશાલ રામપ્રસાદ પાસવાન સામે ગુનો નોંધ્યો હતો.

૧૬૧ કરોડના રાજ્યવ્યાપી GST કૌભાંડમાં ૯ આરોપી સામે ચાર્જશીટ તૈયાર

કાગળ ઉપર બોગસ કંપનીઓ ઉભી કરીને આયોજનપૂર્વક ઠગાઈ : મેસર્સ એ.એસ. ટ્રેડર્સ અને મેસર્સ આલ્ફા એન્ટરપ્રાઇઝના નામે કરાયેલી ટેક્સ ચોરીના પુરાવા એકે કર્યા

નવી દિલ્હી,તા.૮:

કાગળ ઉપર બોગસ કંપનીઓ ઉભી કરીને રૂા. ૧૬૧ કરોડના રાજ્યવ્યાપી જીએસટી કૌભાંડમાં વડોદરા ઇકોનોમિક સેલ દ્વારા બે પેઢીના કુલ ૯ આરોપીઓની ધરપકડ કરી હતી. જે આરોપીઓની તપાસ પુરી થઇ ચુકી છે. આરોપીઓ સામે આજકાલમાં અદાલતમાં ચાર્જશીટ મુકાશે તેમ એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું છે.

રાજય સરકાર સાથે ટેકસ ચોરી કરવાના આ કૌભાંડની નીબ ભાવનગરમાં નખાઇ હતી. ભેજાબાજોએ વડોદરા શહેરમાં જે સ્થળનું અસ્તિત્વ જ નથી તેવા અનેક સ્થળને વેપારના કાર્યક્ષેત્ર દર્શાવ્યા હતા. જે સરનામેથી કાગળ ઉપર વર્ષે લાખો રૂપિયાનો કારોબાર દર્શાવીને ટેકસની ક્રેડિટ મેળવી લેવામાં આવતી હતી. આમ તો કુલ ૬

પેઢીના ઓથા હેઠળ આ ગેરકાનૂની કારોબાર થયો હતો. રાજયના વિવિધ શહેરની પોલીસ દ્વારા જીએસટી કૌભાંડની સમાંતર તપાસ શરુ કરવામાં આવી હતી. વડોદરા ઇકોનોમિક ક્રાઇમ સેલ દ્વારા કરવામાં આવેલી તપાસમાં મેસર્સ એ.એસ.ટ્રેડર્સ અને મેસર્સ આલ્ફા એન્ટરપ્રાઇઝ પેઢીના ઓથા હેઠળ કરોડો રૂપિયાનો ગોટાળો કરવા બદલ કુલ ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. રૂા. ૧૬૧ કરોડના રાજય વ્યાપી જીએસટી કૌભાંડમાં ૯ આરોપીઓ સંબંધીત તપાસ પૂર્ણ થઇ ચુકી છે. જે આરોપીઓ સામે આજકાલમાં જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં વિગતવારનું ચાર્જશીટ મુકાશે.

ધરપકડ કરાયેલા આરોપીઓની યાદી
મેસર્સ એ.એસ.ટ્રેડર્સ
(૧) અકરમ સલીમ લોહીયા
(૨) જાહીર હુસેન વહાબ ખોખર
(૩) ફૈસલ રઝાક ખોખર
(૪) યાસિન ઉર્ફે અંકલ ઇસ્માઇલ
(૫) અકરમ અબ્દુલ્લા અત્યાન
(૬) તનઝીમ અબ્બાસ મહેબુબઅલી
મેસર્સ આલ્ફા એન્ટરપ્રાઇઝ
(૧) નરિંગા ઉર્ફે નરેશ લવજી
(૨) નિખીલ રમેશ મિષી
(૩) આસિફ યુસુફ છીપા

રાજકોટ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ પદે પૂર્વ ધારા-સભ્ય લલીત વસોયાની વરણી, શહેર પ્રમુખ પદે પૂર્વ કોર્પોરેટર અતુલ રાજાણી ફાઇનલ હોવાની ચર્ચા : સાંજ સુધીમાં જાહેરાત થઇ શકે

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.